
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# શ્રી જૈન સત્ય પ્રકાશ

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

તા. ૧૫-૪-૫૩ : અમદાવાદ
વર્ષ ૧૮ : અંક ૬-૭ ] [ ક્રમાંક : ૨૧૦-૨૧૧


ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषय–दर्शन


| અંક : વિષય : | લેખક : | પૃષ્ઠ : |
|---|---|---|
| ૧. અહિંસાનો પ્રભાવ : | શ્રીમંત સયાજીરાવ : | ૯૭ |
| ૨. ચાર મહાપુરુષ–એક તુલનાત્મક અધ્યયનઃ | પં. શ્રીયુત બલભદ્રજી જૈન : | ૯૮ |
| ૩. વૈશાલી સંઘ : | શ્રીયુત મોહનલાલ દી. ચોકસી : | ૧૦૧ |
| ૪. સમરાઈચ્ચકહા–પરિચય : | પૂ. પં. શ્રીધુરંધરવિજયજી : | ૧૦૩ |
| ૫. જાત્યંધ પુરુષોં દ્વારા હસ્તિસ્વરૂપ કે વર્ણન–વાલા દૃષ્ટાંત ક્યા બૌદ્ધ–ગ્રંથસે લિયા ગયા હૈ ? | શ્રીયુત અગરચંદજી નાહટા : | ૧૦૭ |
| ૬. પૂર્વદેશ ચૈત્યપરિપાટી : | શ્રીયુત ભંવરલાલજી નાહટા : | ૧૦૯ |
| ૭. ગર્દભી વિદ્યાકા વૈજ્ઞાનિક આવિષ્કાર : | ડૉ. શ્રીયુત બનારસીદાસ જૈન : | ૧૧૩ |
| ૮. જૈન દર્શનનો કર્મ સિદ્ધાંત અને એનું તુલનાત્મક અવલોકન : | પ્રો૦ શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા : | ૧૧૫ |
| ૯. નવી મદદ : | | ટાઈટલ પેજ ત્રીજું |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)

| | | |
|---|---|---|
| वर्ष : १८ | વિક્રમ સં. ૨૦૦૯ : વીર નિ. સં. ૨૪૭૯ : ઈ. સ. ૧૯૫૩ | क्रमांक |
| अंक : ६–७ | પ્ર૦ વૈશાખ સુદિ ૨ : બુધવાર : ૧૫ એપ્રીલ | २१०–११ |

# અહિંસાનો પ્રભાવ


**'અહિંસા પરમો ધર્મ:'** ના ઉદ્દાર સિદ્ધાંતે બ્રાહ્મણધર્મ ઉપર ન ભૂંસી શકાય તેવી છાપ પાડી છે. અર્થાત્ પહેલાં યજ્ઞ–યાગાદિમાં પશુઓની હિંસા થતી હતી, તે આજકાલ થતી નથી તેનું કારણ બ્રાહ્મણધર્મ ઉપર પડેલ જૈનધર્મની ઊંડી છાપ છે. પૂર્વ કાળમાં યજ્ઞો માટે અસંખ્ય પશુઓની હિંસા થતી હતી તેની સાબિતી 'મેઘદૂત કાવ્ય' અને બીજા અનેક ગ્રંથોમાં મળે છે. રંતિદેવ નામના રાજાએ યજ્ઞ કર્યો હતો તેમાં એટલા બધા પશુઓનો વધ થયો હતો કે, નદીનું પાણી પણ લાલ થઈ ગયું હતું અને પશુઓનાં ચામડાંઓથી તે નદી ઢંકાઈ ગઈ હતી. તે સમયથી એ નદીનું નામ ચર્મણ્વતી પ્રસિદ્ધ થયું. આ પ્રકારની ઘોર હિંસાને બ્રાહ્મણધર્મમાંથી તિલાંજલી મળી તેનું પુણ્ય શ્રેય: જૈનધર્મને જ ઘટે છે.

બ્રાહ્મણધર્મમાં માંસભક્ષણ અને મદિરાપાન બંધ થઈ ગયું તે પણ જૈનધર્મનો જ પ્રતાપ છે................દયા અને અહિંસાની સત્યપ્રીતિ વડે જ જૈનધર્મ વિકાસ પામ્યો છે, સ્થિર રહ્યો છે અને લાંબા કાળ સુધી સ્થિર રહેશે. આ અહિંસાધર્મની છાપ જ્યારે બ્રાહ્મણધર્મ પર પડી અને હિંદુઓને અહિંસાધર્મનું પાલન કરવાની આવશ્યકતા જણાઈ ત્યારે યજ્ઞમાં પિષ્ટ પશુઓનું વિધાન કરવામાં આવ્યું. આ રીતે મહાવીરસ્વામી વડે ઉપદેશાયેલ ધર્મતત્ત્વ સર્વમાન્ય થયું અને બ્રાહ્મણધર્મમાં અહિંસા સર્વમાન્ય થઈ ગઈ.

—શ્રીમંત સરકાર સયાજીરાવ
મહારાજાના પ્રવચનમાંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચાર મહાપુરુષ

[ એક તુલનાત્મક અધ્યયન ]

લેખક:—પં. શ્રીયુત બલભદ્રજી જૈન

## રામ-કૃષ્ણ અને મહાવીર-બુદ્ધ

**ભારતીય** ધર્મોમાં જે મહાપુરુષોની સર્વાધિક માન્યતા છે, તેમાં રામ-કૃષ્ણ, મહાવીર અને બુદ્ધ પ્રમુખ છે. આ ચારે મહાપુરુષોનો જન્મ ભારતમાં થયો છે. તેમના પ્રતિપાદિત અથવા ઇષ્ટ ધર્મનો આવિર્ભાવ પણ ભારતમાં જ થયો છે. આ ચારે મહાપુરુષોમાં પ્રથમના બે વૈદિક સંસ્કૃતિના પ્રતિનિધિ છે અને છેવટના બે શ્રમણ સંસ્કૃતિના. પ્રથમના બંને મહાપુરુષો ભગવાન હોવા છતાં મનુષ્યરૂપે ઉત્પન્ન થયા અને છેવટના બે મહાપુરુષો મનુષ્ય હોવા છતાં પણ પોતાના પ્રયત્નોથી ભગવાન બન્યા એમ એમના ધર્માનુયાયીઓ માને છે. રામ અને કૃષ્ણના જન્મનું પ્રયોજન અધર્મનો વિનાશ અને ધર્મની સંસ્થાપના હતું અને એ પ્રયોજન માટે તેમણે દુષ્ટોનો નિગ્રહ અને શિષ્ટોનો અનુગ્રહ કર્યો; અર્થાત્ ધર્મના માર્ગમાં આડે આવનારા અધર્મી દુષ્ટોનો વિનાશ કરીને તેમણે ધર્મની સંસ્થાપના કરી પરંતુ મહાવીર અને બુદ્ધનો માર્ગ એનાથી ભિન્ન હતો. તેમણે ધર્મની સ્થાપના અને અધર્મનો વિનાશ કર્યો પરંતુ એને માટે તેમણે ન તો દુષ્ટોનો નિગ્રહ કર્યો કે ન શિષ્ટોનો પક્ષ લીધો; પરંતુ જે દુષ્ટ હતા, અધાર્મિક હતા—તેમનું હૃદયપરિવર્તન કર્યું, તેમણે તેમનાં દુષ્કૃત્યોને સમજાવ્યાં અને તે દુષ્કૃત્યો પ્રત્યે તેમના હૃદયમાં ઘૃણા ઉત્પન્ન કરી, જેના કારણે તેઓએ એવો કુમાર્ગ છોડી ધર્મ અંગીકાર કર્યો.

કંઈક વધુ ઊંડાણથી વિચાર કરીએ તો આપણે જોઈ શકીએ કે રામ અને કૃષ્ણે જે કંઈ કર્યું તે ગૃહસ્થીમાં રહેતાં જ ગૃહસ્થોની વચ્ચે ગૃહસ્થોના માટે કર્યું, તેથી તેમનું કાર્યક્ષેત્ર ગૃહસ્થ બની રહ્યું. આને જ બીજા શબ્દોમાં કહીએ તો કહેવું પડશે કે તેમનું કાર્યક્ષેત્ર પ્રવૃત્તિનો માર્ગ હતું, પરંતુ મહાવીર અને બુદ્ધે સ્વયં ગૃહસ્થીનો ત્યાગ કરી, તપશ્ચરણ કરી, સૌથી પહેલાં આત્મશુદ્ધિ કરી અને ત્યારે જ જે તેમણે કર્યું તેનો ઉદ્દેશ ગૃહસ્થ માર્ગને ત્યાગની તરફ અને નિવૃત્તિની તરફ લગાડવાનો રહ્યો હતો. અર્થાત્ તેમનો માર્ગ નિવૃત્તિપ્રધાન હતો. રામ અને કૃષ્ણે મુનિઓની રક્ષા કરી, ધર્મનો પક્ષ લીધો, તેને માટે યુદ્ધ કર્યું અને તે એટલા માટે કર્યું કે ગૃહસ્થનો માર્ગ અદૂષિત રહે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે મહાવીર અને બુદ્ધે ગૃહસ્થમાર્ગનો પણ ઉપદેશ આપ્યો, તેની વ્યવસ્થા પણ કરી પરંતુ તેમનો ઉદ્દેશ ગૃહસ્થનો દૃષ્ટિકોણ પ્રવૃત્તિ તરફથી બદલવાનો હતો.

રામ અને કૃષ્ણ દુષ્ટોનો સંહાર કરી અને એ રીતે ધર્મની સ્થાપના કરીને એક તરફથી અલગ થઈ ગયા, પરંતુ મહાવીર અને બુદ્ધ પોતાની અહિંસક પદ્ધતિથી તે દુષ્ટોને ધર્માત્મા બનાવીને અલગ થઈ ગયા નહોતા. તેમણે તેમનું પણ સંગઠન કર્યું અને મુનિઓનું પણ સંગઠન કર્યું. રામ અને કૃષ્ણ સ્વયં ઉપદેષ્ટા નહોતા. તેમના આદર્શોને સાહિત્યિક રૂપમાં તેમની પછી તેમના વિદ્વાન અનુયાયીઓએ લખ્યા. પરંતુ મહાવીર અને બુદ્ધ સ્વયં ઉપદેષ્ટા હતા; પોતાના આદર્શોના સ્વયં વ્યાખ્યાતા હતા. આથી તેમના ઉપદેશો અને સિદ્ધાંતો તેમના જ શબ્દોમાં આજે પણ મળે છે. રામ અને કૃષ્ણ જે સંસ્કૃતિ સાથે સંબંધિત હતા, તે મનુષ્ય અને સ્ત્રીઓમાં, ત્યાં સુધી કે મનુષ્ય મનુષ્ય વચ્ચે ભેદ માનતી, અને સમાજ પર એક નિશ્ચિત વર્ગના શાસનની સમર્થક હતી. એથી તેમના આદર્શો જે ભાષામાં લખાયા, તે સર્વ સાધારણની ભાષા ન રહેતાં એ વર્ગની જ ભાષા (સંસ્કૃત) હતી. પરંતુ મહાવીર અને બુદ્ધ મનુષ્ય અને સ્ત્રીઓની વચ્ચે અથવા મનુષ્ય મનુષ્યની વચ્ચે ધર્મના ક્ષેત્રમાં કોઈ ભેદભાવ કરવાને વિરુદ્ધ હતા. તેમને કોઇ વર્ગ વિશેષનું નહીં પરંતુ બધાનું કલ્યાણ ઇષ્ટ હતું. પરિણામે તેમણે જે કંઈ ઉપદેશ આપ્યો તે બધાની બોલીમાં—અર્ધમાગધી અને પાલીમાં આપ્યો. વૈદિક અને શ્રમણ સંસ્કૃતિનો મૌલિક મતભેદ આ વાતો ઉપર જ આધારિત છે.

## મહાવીર અને બુદ્ધ

મહાવીર અને બુદ્ધ સમકાલીન હતા. બંને બિહારમાં ઉત્પન્ન થયા હતા, બંને ગણરાજ્યોના અધિપતિઓના પુત્ર હતા. બંનેના ઉપદેશનું ક્ષેત્ર—ત્યાં સુધી કે શ્રોતાઓ પણ પ્રાયઃ એક જ હતા. બંને જે ભાષામાં ઉપદેશ આપતા હતા તે પણ લોકભાષા જ હતી, વૈદિક સંસ્કૃતિના જે નિયમોએ મુખ્યતા મેળવી તત્કાલીન સમાજ રચનાને વિકૃત બનાવી દીધી હતી અને ઊંચ નીચની ભાવનાને પ્રશ્રય આપી સંઘર્ષ ઉત્પન્ન કરી દીધો હતો તે પરિસ્થિતિનો લાભ આ બંને મહાપુરુષોએ ઊઠાવ્યો અને બંનેએ સમાજના માનસમાં એ વિચારધારાનો વિરોધ કરીને અને સર્વજીવ સમાનતાનો ઉપદેશ આપીને મહત્ત્વપૂર્ણ સ્થાન બનાવી લીધું હતું. આ સર્વજીવ સમાનતાના સિદ્ધાંતમાંથી અહિંસાનું તત્ત્વ ઉત્પન્ન થયું જે આ મહાપુરુષોના વ્યક્તિત્વના આધારે ફળવાન બની વૈદિક સંસ્કૃતિને અભિપ્રેત ધર્મમર્યાદા અને સમાજવ્યવસ્થાના નિયમોને છિન્નભિન્ન કરવામાં આશાતીત સફળતા મેળવી.

આ બધી સમાનતાઓ હોવા છતાં બંને સંસ્કૃતિઓ વિભિન્ન દિશાઓમાં અગ્રેસર બની. તેનું કારણ એ હતું કે, બંને મહાપુરુષોની પરિસ્થિતિ જ્યાં સુધી સમાન હતી, ત્યાં સુધી બંને એક જ દિશામાં ચાલ્યા, પરંતુ જ્યાં આદર્શોનો પ્રશ્ન આવ્યો ત્યાં બંનેના દૃષ્ટિકોણ જુદા જુદા બની ગયા. મહાવીર ધર્મમાર્ગની કઠોર સાધના અને તપશ્ચર્યાને અનિવાર્ય માનતા હતા. તેમણે સ્વયં એ માર્ગે ચાલીને સફળતા મેળવી હતી. પરંતુ બુદ્ધ તપશ્ચરણને ધર્મ માટે અનિવાર્ય માનતા નહોતા, બલ્કે તેને કાયક્લેશ સમજીને તેની ઉપેક્ષા કરતા. તેઓ સ્વયં તપશ્ચર્યા કરતાં કરતાં જ્યારે કૃશ બની ગયા અને સફળ ન થયા ત્યારે તેમણે એ માર્ગનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ ત્યાગ કરી દીધો. એ માર્ગ તજવાનો જ્યારે નિશ્ચય કર્યો ત્યારે એ નિશ્ચયને જ બોધિપ્રાપ્તિની સંજ્ઞા આપી દીધી. આ જ દૃષ્ટિકોણથી મહાવીર પોતાના જીવનમાં સાધુ રહેવા છતાં પણ તપસ્વી રહ્યા અને બુદ્ધ પોતાના જીવનમાં કેવળ સાધુ બની રહ્યા.

મહાવીર સાધુતાની નિશ્ચિત મર્યાદાઓ માનતા હતા. પરિણામે તેઓ એ મુજબ ચાલતા હતા. પરંતુ બુદ્ધ પોતાને કોઈ બંધનોમાં બાંધી ન શક્યા. પરિણામે તેઓ ભોજનને માટે નિમંત્રિત બનીને ચાલતા હતા. મહાવીરનો દૃષ્ટિકોણ ધર્મને સનાતન સત્ય માનવાનો હતો. આથી તેઓ ધર્મને તેના અસલ સ્વરૂપમાં જ રાખવાને ઇચ્છતા, તેમાં કોઈ બાંધછોડને પસંદ કરતા નહોતા.

પરંતુ બુદ્ધનો દૃષ્ટિકોણ પોતાના ધર્મનો પ્રચાર કરવાનો હતો. પરિણામે જ્યારે પરિસ્થિતિ આવી પડતી ત્યારે તેઓ પોતાના નિયમોમાં તેવો ફેરફાર કરી લેતા. સત્યનિષ્ઠાના કારણે જ મહાવીરનો ધર્મ રાષ્ટ્રધર્મ બની શક્યો નહિ, જ્યારે લોકરંજનના કારણે બુદ્ધનો ધર્મ વિશેષ પ્રસાર પામી ગયો.

વૈદિક ધર્મે ધર્મના ક્ષેત્રમાં અને લૌકિક જીવનમાં પણ અહિંસાને એવી હળવી બનાવી દીધી કે માંસભક્ષણ બંને ક્ષેત્રોમાં ઉપાદેય બની ગયું. બુદ્ધે ધાર્મિક ક્ષેત્રોમાં જીવિત પશુઓની હિંસાનો વિરોધ કર્યો પરંતુ ક્ષત્રિયવર્ગના અભ્યાસી લોકોને માંસનો ત્યાગ અરુચિકર લાગે એમ હતો તેથી બુદ્ધે મૃત માંસના ભક્ષણનો એક માર્ગ ખોલી દીધો. એ માર્ગે હિંસાએ નીકળી ધર્મ અને લોકજીવન, બંનેને વ્યાપ્ત બનાવી દીધું. ફલતઃ આજે અધિકાંશ બૌદ્ધો માંસભક્ષી જોવા મળે છે. પરંતુ મહાવીર આ વિષયમાં અત્યંત કઠોર રહ્યા. તેમણે ધાર્મિક ક્ષેત્રની સાથે જ વ્યક્તિગત અને સમષ્ટિગત જીવનની બધી હિંસાનો વિરોધ કર્યો. ફલતઃ આજે પણ કોઈ જૈન માંસભક્ષી નથી.

મહાવીર સમાજને ચતુર્વિધ સંઘ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાના રૂપમાં વિભાજિત કરી તેને વ્યવસ્થિત કરવામાં પૂર્ણતઃ સફળ બન્યા. બુદ્ધે સંઘરચના તો કરી પરંતુ તેઓ પોતાના સંઘને વ્યવસ્થિત કરી શક્યા નહિ. મહાવીરનો સંઘ જનતંત્રીય આધાર પર નિશ્ચિત નિયમોને આધીન સંચાલિત થતો હતો પરંતુ બુદ્ધનો જનતંત્રીય પ્રણાલી પર નિર્મિત હોવા છતાં પણ નિશ્ચિત નિયમો ન હોવાથી વ્યવસ્થિત ન બની શક્યો. ફલતઃ જૈન સંઘ આજે પણ જેટલો વ્યવસ્થિત છે, તેટલો વ્યવસ્થિત બૌદ્ધ સંઘ નથી.

બુદ્ધ મહાવીરને પોતાના પ્રતિદ્વંદ્વી માનતા હતા, પરિણામે તેમના બધાયે કાર્યકલાપો મહાવીરને જોઈ ને પોતાના ધર્મના પ્રચાર માટે જ બનતા. પરંતુ મહાવીરનો ઉદ્દેશ ધર્મપ્રચાર હોવા છતાં પણ કેવળ અનુયાયીઓની વૃદ્ધિ કરવા માત્ર નહોતો. પરિણામે તેમની દૃષ્ટિ કેવળ ધર્મ તરફ રહેતી હતી. સંભવતઃ એ જ કારણ છે કે, બૌદ્ધશાસ્ત્રોમાં નાતપુત્ત (મહાવીર)નો જેટલો ઉલ્લેખ મળે છે એટલો જૈનશાસ્ત્રોમાં બુદ્ધ માટે મળતો નથી.

સૈદ્ધાંતિકરૂપે બુદ્ધ એકાંતવાદી હતા, પરંતુ મહાવીર સમન્વયવાદી હતા. બુદ્ધની સ્થિતિ એકપક્ષીય હતી અને મહાવીરની સ્થિતિ બંને પક્ષોના નિર્ણાયક જેવી હતી.

'જૈન શ્વેતાંબર'માંથી ] [ અનુવાદિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વૈશાલી સંઘ

લેખક:—શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

છેલ્લા કેટલાક વર્ષોથી બિહાર પ્રાંતમાં શોધખોળનું જે ખાતું ચાલે છે અને એ દ્વારા જે સામગ્રી ઉપલબ્ધ થઈ છે એ ઉપરથી પ્રાંતના અધિકારી વર્ગમાં એક મોટી ભાવનાએ જન્મ લીધો છે. પોતાના પ્રાંતમાં જ ભગવંત શ્રીમહાવીર અને ભગવાન બુદ્ધ જન્મ્યા છે અને તેમના ઉપદેશથી જ ભારતવર્ષમાં જે હિંસાનું તાંડવ નૃત્ય ચાલી રહ્યું હતું તે અટકવા પામ્યું છે. ઈતિહાસના અભ્યાસથી આ વાત અજાણી નથી. 'અહિંસા' અંગે જે વર્ણન જૈન તેમજ બૌદ્ધ ગ્રંથોમાં દૃષ્ટિગોચર થાય છે તેવું વૈદિક સાહિત્યમાં નથી દેખાતું. એમાંયે મહાત્મા ગાંધીજીએ જ્યારથી અહિંસાનો પ્રયોગ રાજકારણમાં કરી બતાવ્યો ત્યારથી તો માત્ર ભારતમાં જ નહીં પણ દુનિયાના અન્ય દેશોમાં એ અદ્ભુત વસ્તુના ઊંડાણમાં ઉતરવાની અને સંપૂર્ણપણે એનું સ્વરૂપ અવધારવાની જિજ્ઞાસા જોરશોરથી પ્રગટી ઊઠી છે. વળી, બારિકાઈથી નિહાળવામાં આવે તો '**અહિંસા**' અંગે જેટલી વિચારણા જૈન ગ્રંથોમાં કરવામાં આવી છે તેટલી અન્યત્ર લભ્ય નથી જ. વિશ્વની શાંતિમાં પણ જો કોઈ તત્ત્વ અગ્રભાગ ભજવે તેવું જણાતું હોય તો તે અહિંસાતત્ત્વ છે. આ કારણોથી ઉપરોક્ત સંઘની સ્થાપના થયેલ છે અને એમાં સંસ્થાનના વડાપ્રધાન આદિ ઉચ્ચ અધિકારીઓ જોડાયા છે અને પ્રતિવર્ષ એકત્ર થઈ, એ કાર્યને વેગ મળે તેવાં સાધનો ઊભા કરવાના પ્રયત્નો કરી રહ્યા છે. આપણા શ્વેતાંબર સંપ્રદાય કરતાં દિગંબર સંપ્રદાયના વિદ્વાનો તરફથી આ કાર્યમાં વધુ ઉત્સાહ દેખાડવામાં આવ્યો છે. ફેબ્રુઆરી તા. ૯ના 'ટાઈમ્સ પત્ર'માં 'Studies in Jainism' નામા મથાળા હેઠળ જે લેખ પ્રગટ થયો છે અને એનું અવતરણ મરાઠી ભાષામાં 'જૈન–જ્યોતિ' પાક્ષિકે તા. ૧–૩–૫૩ના અંકમાં પ્રથમ પાના પર કર્યું છે એ શ્વેતાંબર સમાજની આગેવાન સંસ્થાઓએ ધ્યાનમાં લેવા જેવું છે. વિશેષમાં સાધુસમાજમાં જેઓ વિદ્વાનો મનાય છે, તેઓને તેમજ જૈનધર્મના અભ્યાસી પંડિતોને આ વિષયમાં રસ લેવા ખાસ વિનંતી છે.

દિલગીરીપૂર્વક લખવું પડે છે કે આપણે ત્યાં પ્રતિવર્ષ ખર્ચાતી રકમ પાંચ મીંડા-વાળા અંકો વટાવી જાય છે અને દાન કરવાનો ગુણ આપણને શિખવવો પડે તેમ નથી જ છતાં દેશ–કાળની નજરે આપણો એ ગુણ નથી તો દેશનેતાઓના કાને પહોંચતો કે નથી તો વિચારશીલ વર્ગ એની નોંધ લેતો. આત્મશ્રેયની દૃષ્ટિએ વિચારીએ તો પણ આજે હરકોઈને કબૂલવું પડશે કે–તીર્થંકરની મૂર્તિઓના પ્રમાણમાં તેઓશ્રીના કહેલા આગમ-ગ્રંથો કે કીમતી વચનો વા અણમૂલા તત્ત્વોવાળા સૌ કોઈ જિજ્ઞાસુની તૃષ્ણાને છીપાવે તેવી રીતે તૈયાર કરાયેલા પુસ્તકો નહીંવત્ છે. ખુદ ભગવંત શ્રીમહાવીર દેવનું વચન છે કે '**શ્રુત જ્ઞાન**' તો સ્વપર પ્રકાશક છે. તો પછી આપણી ફરજ એ જ ગણાય કે આજે ઠેર ઠેર સાહિત્ય મંદિરો ઊભાં કરી, જેઓ જિનેશ્વરદેવના વચનો કે ઉપદેશો વાંચવા–



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિચારવા આતુર હોય, તેઓને સામગ્રી પૂરી પાડીએ. આજના કાળમાં 'જૈનધર્મ'ની પ્રભાવના માટેનું આ અંગ અતિમહત્ત્વનું છે. વધુ નહીં તો નિમ્ન લેખ વાંચી, એમાં જે માગણી કરી છે એ તરફ આપણે દત્તચિત્ત બનીએ.

The Vaisali Sangh is to be complimented on its decision to start an Institute of Postgraduate Studies and Research in Prakrit and Jainology. Jainism, unlike Buddhism, did not travel beyond the country of its birth but, judged by the number of adherents, Jainism has proved a stronger force in India than Buddhism. Even if it had proved itself to be less vital, the importance of research in its doctrines and literature as part of Indological studies would have ramained equally great. The Sangha has appropriately decided to establish the Institute at Vaisali, birthplace of Mahavira, the last of the Tirthankaras, in the Muzaffarpur district of Bihar. Specialisation usually implies bigatry and a narrow outlook and it is gratifying to note that in order to avoid this danger the Sangha proposes to invite for work in the Institute pandits and scholars with a modern outlook. The centre will also work in collaboration with the few small bodies that have already been promoting research in Jainism. This should minimise overlapping and duplication.

—વૈશાલી સંઘે જૈન વિદ્યાઓ અને પ્રાકૃતના અનુસ્નાતક સંશોધન અને અધ્યયન માટે એક સંસ્થા શરૂ કરવાનો જે નિર્ણય કર્યો છે તે માટે એને અભિનંદન ઘટે છે. બૌદ્ધ ધર્મ જેમ પોતાની જન્મભૂમિ ઉપરાંત બહારના દેશોમાં ફેલાયો તેમ, જૈન ધર્મ પોતાની જન્મભૂમિની ઉપરાંત બહાર ફેલાયો ન હોવા છતાં અનુયાયીઓની સંખ્યાની દૃષ્ટિએ વિચારતાં, હિંદુસ્થાનમાં જૈનધર્મ બૌદ્ધધર્મ કરતાં વધારે શક્તિશાળી બળ તરીકે પુરવાર થયેલ છે. કદાચ એણે પોતાની જાતને ઓછી પ્રાણવાન પુરવાર કરી હોત તો પણ ભારતીય વિદ્યાઓના અધ્યયનના એક અંગ તરીકે એના સિદ્ધાંતો અને સાહિત્યના સંશોધનની અગત્ય તો એટલી જ મોટી રહેવાની હતી. સંઘે બિહાર પ્રાન્ત મુજફ્ફરપુર જિલ્લામાં આવેલ વૈશાલી—કે જે છેલ્લા તીર્થંકર મહાવીરની જન્મભૂમિ છે—ત્યાં એક સંસ્થાની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે તે વાજબી કર્યું છે. વિશિષ્ટતા (અમુક વિશિષ્ટ ઉદ્દેશ માટે કરવામાં આવેલ વ્યવસ્થા) સામાન્ય રીતે અંધશ્રદ્ધા અને સંકુચિત દૃષ્ટિનું સૂચન કરે છે, અને એ જાણીને સંતોષ થાય છે કે, આ ભયનું નિવારણ કરવા માટે સંઘ આ સંસ્થામાં કામ કરવા માટે આધુનિક દૃષ્ટિ ધરાવતા પંડિતો અને વિદ્વાનોને આમંત્રણ આપવાનો વિચાર ધરાવે છે. જે થોડીઘણી નાની નાની સંસ્થાઓ જૈનધર્મ સંબંધી સંશોધનકાર્યને વેગ આપી રહેલી છે તેનો પણ સહકાર મેળવીને આ મુખ્ય સંસ્થા પોતાનું કામ કરશે. આમ થવાથી કોઈ પણ કામ દ્વંદ્વાઈ જવાનો કે બેવડાઈ જવાના સંજોગોમાં ઘટાડો થઈ જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમરાઈચ્ચકહા

## [ પરિચય ]

લેખક :-પૂજ્ય પં. શ્રી. ધુરંધરવિજયજી

[ ગતાંકથી ચાલુ ]

**પાંચમો ભવ-**

નીચેની ગાથાથી પૂર્વનું અનુસંધાન કરીને કથા આગળ વધે છે.

वक्खायं जं भणियं घणधणसिरिमो य एत्थ पइभज्जा।
जयविजया य सहोयर, एत्तो एयं पवक्खामि॥ १ ॥

કાકંદી નામે નગરી છે. સૂરતેજ નામે રાજા રાજ્ય કરે છે. લીલાવતી પટ્ટરાણી છે. ધનનો આત્મા તે રાજાને ત્યાં જન્મ લે છે. જયકુમાર એવું નામ સ્થાપન કરવામાં આવે છે. અનેક કળાઓ શીખે છે તેમાં ધર્મકળા તો તેને સ્વાભાવિક વરી છે. ધનશ્રીનો જીવ પરિભ્રમણ કરતાં કર્મસંયોગે જયકુમારના ભાઈ તરીકે જન્મ લે છે ને તેનું નામ વિજયકુમાર રાખવામાં આવે છે. રાજાના મરણ પામ્યા બાદ રાજા તરીકે જયકુમારનો અભિષેક કરવામાં આવે છે. આ પ્રસંગ વિજયકુમારના સ્વાભાવિક દ્વેષમાં અભિવૃદ્ધિ કરે છે અને તે રાજ્યના પ્રતિપક્ષી માણસો સાથેનો સમાગમ કર્યા કરે છે. મહારાણી લીલાવતી જયકુમારને કહે છે કે વિજયકુમારને સંતોષ થાય એવું કાંઈક કરો-એટલે રાજા જયકુમાર આત્મકલ્યાણમાં પ્રબલ અંતરાયભૂત રાજ્ય છે એમ જે સ્વભાવથી જ માને છે-તેને પ્રસંગ મળે છે એટલે સ્વયં-પોતે જ વિજયકુમારને બોલાવીને તેનો રાજ્યાભિષેક કરે છે, માતા અને પ્રધાન પુરુષ સહિત જયકુમાર સનત્કુમાર આચાર્ય મહારાજ પાસે સંયમ સ્વીકારે છે. જેને સતત મારી નાખવાની ઈચ્છા રાખતો હતો-તે આમ સુંદર રીતે દીક્ષા લઈને લોકચાહના સાથે જીવતો ચાલ્યો જાય છે એ વાત વિજયકુમારને રુચતી નથી પણ હવે શું થાય? છતાં જ્યારે ત્યાંથી મુનિઓએ વિહાર કર્યો ત્યારે જયકુમારને મારવા માટે મારાઓ મોકલ્યા પણ વિના કારણ આવું પાપાચરણ કરવું એ સર્વથા અકરણીય છે એમ સમજીને માર્યા વગર જ મારાઓએ રાજાને મારી નાખ્યાનું કહીને સંતોષ પમાડ્યો. વર્ષો વીતી ગયાં ને એકદા જયકુમાર મુનિ કાકંદી પધાર્યા. લોકો ખુશ થયા ને વિજયકુમાર ફરી બળવા લાગ્યો. તેણે મારાઓને બોલાવ્યા ને પૂછ્યું કે તમે તો તેને મારી નાખ્યો હતો ને આ જીવતો ક્યાંથી આવ્યો? તેઓએ ખોટે ખોટું કહ્યું કે અમને કાંઈ ખબર ન પડી કે કોણ જયકુમાર છે? અમે તો ગમે તે સાધુને જયકુમાર માનીને હણ્યો હતો. સાધુ તો બધા સરખા લાગતા હતા. પછી વિજયકુમાર જયકુમાર મુનિ પાસે જઈને વાંદી ધર્મશ્રવણ કરીને-તેઓ ક્યાં રહે છે ઈત્યાદિ સર્વ ધ્યાનમાં રાખીને આવે છે. રાત્રિએ એકલો જઈને જયકુમાર મુનિને તરવારથી હણે છે. બીજા મુનિઓ તેને ઓળખી જાય છે ને સવારે વિહાર કરી જાય છે. કાળધર્મ પામીને જયકુમાર આનત દેવલોકે ૧૮ સાગરોપમના આયુષ્યવાળા દેવ થાય છે. દુષ્ટ પરિણામે મરીને વિજયકુમાર પંકપ્રભા નારકીમાં દસ સાગરોપમની સ્થિતિવાળો ઘોર નારક થાય છે.

આ પાંચમા ભવમાં જય-વિજયની કથા તો આમ તદ્દન નાની છે પણ સનત્કુમાર આચાર્યશ્રીનું આત્મવૃત્ત વિસ્તારથી છે. સાહિત્યશાસ્ત્રના અનેક પ્રકારો સમજાવતું અને કથાનો રસ જમાવતું એ વૃત્ત અનેક રસમાં તરબોળ કરે છે. કામની પરવશતા, યુવતિવર્ણન,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાત્ત્વિક આત્માઓની સાત્ત્વિકતા, કર્મજનિત સુખદ અને દુઃખદ પ્રસંગોની પરંપરા, શૃંગાર, અદ્દભુત, વીર, કરુણ રસો અંગાંગીભાવ ધારણ કરતા કરતા છેવટે શાંત રસમાં એવી સુન્દર રીતે પર્યવસાન પામ્યા છે કે જેનું ચિત્રણ ચિત્ત ફલક ઉપર ચિરસ્થાયી બની જાય છે. સ્વલ્પ પણ દુષ્કૃત કેવા કટુક વિપાકને આપે છે એ વાત આ વૃત્ત જાણ્યા પછી દૃઢ થઈ જાય છે. આ વિભાગમાં જાણે સનત્કુમારાચાર્ય—નાયક રૂપે આવી ગયા હોય એમ ક્ષણભર લાગ્યા કરે છે.

છઠ્ઠો ભવ–

जयविजया य सहोयर, जं भणियं तं गयमियाणिं ।
वोच्छामि पुव्वविहियं, धरणो लच्छी य पइभज्जा ॥ १ ॥

એ ગાથાથી પૂર્વાનુસંધાન કરીને કથા આગળ વધે છે.

માકંદી નામે નગરી છે. કાલમેઘ રાજા રાજ્ય કરે છે. ત્યાં બંધુદત્ત શેઠ અને શેઠનાં ધર્મપત્ની હારપ્રભા વસે છે. જયનો આત્મા હારપ્રભાની કુક્ષિએ જન્મ લે છે ને તેનું નામ 'ધરણ' રાખવામાં આવે છે. વિજયનો જીવ પરિભ્રમણ કરતાં કરતાં કાલક્રમે તે જ નગરીમાં કાર્તિક શેઠને ત્યાં જયાની કુક્ષિએ જન્મ લે છે ને પુત્રી રૂપે ઉત્પન્ન થાય છે. તેનું લક્ષ્મી એવું નામ રાખવામાં આવે છે. ભવિતવ્યતા યોગે ધરણ અને લક્ષ્મીના વિવાહ થાય છે. એક પ્રસંગવિશેષને લઈને ધરણને ચાનક ચડે છે ને તે સાર્થ લઈને પરદેશ કમાવા માટે જાય છે. અટવીમાંથી પસાર થતાં એક વિદ્યાધરને તેની આકાશગામિની વિદ્યાનું પટ સંભારી આપવાને કારણે મૈત્રી થાય છે, વિદ્યાધર ધરણને સંરોહિણી વનસ્પતિ આપે છે. આગળ વધતા એક પલ્લિપતિને આ વનસ્પતિના પ્રભાવે જીવિતદાન આપે છે. ત્યાંથી આગળ એક નગરના પાદરમાં મૌર્ય નામના ચંડાળને બચાવે છે. આમ અનેક ઉપર ઉપકાર કરવા; એ એનું વ્યસન બની જાય છે. વ્યાપારમાં સારું ધન ઉપાર્જન કરીને પોતાના નગર તરફ પાછો ફરે છે. જે અટવીમાંથી પ્રથમ પસાર થયો હતો તે જ કાદંબરી અટવીમાંથી ફરી પસાર થતાં ભિલ્લો તેના સાર્થને લૂંટે છે. અને સર્વ છિન્ન ભિન્ન થઈ જાય છે. ધરણ અને લક્ષ્મી સાર્થથી છૂટા પડી જઈને ક્યાંના ક્યાંય નાસી જાય છે.

અટવીમાં લક્ષ્મીને તૃષા અને ક્ષુધા લાગે છે. ધરણ વનસ્પતિના પ્રભાવે પોતાનું રુધિર અને અને માંસ તેને આપે છે. આવો તો એક પાક્ષિક સ્નેહ છે. જેવો ધરણમાં સ્નેહ છે, તેવો જ સામે દ્વેષ છે, પ્રતિક્ષણ ધરણના દુઃખે લક્ષ્મી રાજી થાય છે. નાસતા ભાગતા તે બન્ને એક નગરે પહોંચે છે. ત્યાં નગર બહાર એક દેવકુલિકામાં રાત રહ્યા છે. ત્યાં એક ચોર આવી ચડે છે. તેની સાથે લક્ષ્મી જાય છે ને ધરણને માથે ચોરીનું આળ ચડે છે. તેમાંથી મૌર્ય તેને બચાવે છે ને ફરી પાછી લક્ષ્મી તેને મળે છે. ત્યાંથી અનેક દુઃખો સહન કરતાં ફરી કાદંબરી અટવીમાં આવી ચડે છે. ભિલ્લપતિનો સમાગમ થાય છે. તે ઓળખે છે ને પોતાના અકૃત્યનો ખૂબ પશ્ચાત્તાપ કરતો તે ધરણને સર્વસ્વ સમર્પીને વિદાય આપે છે. ધરણ પોતાને નગર આવે છે.

કેટલાએક સમય બાદ ફરીથી ધરણ પરદેશ કમાવા નીકળે છે. લક્ષ્મી પણ સાથે જ છે. ધનના અધિક લાભ માટે સમુદ્રયાત્રા કરે છે. વહાણ ભાંગે છે, હાથમાં પાટિયું આવે છે ને ધરણ તરતો તરતો સુવર્ણદ્વીપ પહોંચે છે. ચીન તરફથી આવતો એક સુવદન શ્રેષ્ઠીપુત્ર ત્યાં આવે છે, તેની સાથે ધરણ જાય છે પણ સુવર્ણદ્વીપની દેવી કોપે છે ને ધરણ તેનો ભોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને છે. લક્ષ્મી સુવદન સાથે ભળી ગઈ છે, તે રાજી થાય છે. ત્યાંથી ધરણને પૂર્વ પરિચિત વિદ્યાધર છોડાવે છે. સારસંપત્તિ આપીને ઇચ્છિત સ્થળે પહોંચાડે છે. સુવદન અને લક્ષ્મી ત્યાં આવે છે અને તેઓ ત્યાં ધરણને જુએ છે. તે બન્નેના પેટમાં કળકળતું તેલ રેડાય છે છતાં તે પાપીઓ પાપ છોડતા નથી. રાજદરબારે વાત પહોંચે છે. છેવટે બધું ખુલ્લું પડે છે. ધરણ બન્નેને જીવતા જવા દે છે. અહીં ધરણ ઉપર ટોપ્ય શેઠ સારી સજ્જનતા દાખવે છે. છેવટે ધરણ પોતાને ગામ આવે છે. સંસારની અનેક વિચિત્રતાઓ જોઈને તેનું મન સ્વાભાવિક રીતે સંવેગ તરફ વળે છે. તેમાં અર્હદ્દત્ત આચાર્યશ્રીનો સંયોગ સાંપડે છે. તેમની વાત સાંભળીને તો તેના સંવેગની ભૂમિકા નવપલ્લવિત બને છે ને તેમની પાસે અનેક મિત્રો સાથે સંયમ લે છે. પછી વિહાર કરતા કરતા ધરણ મુનિ તામ્રલિપ્તી નગરીએ જાય છે. ત્યાં સુવદન અને લક્ષ્મી રહ્યાં છે. લક્ષ્મી ધરણ મુનિને જુએ છે ને તેનો વિદ્વેષ પ્રજ્વલી ઊઠે છે. તે મુનિ ઉપર ચોરીનું આળ ચડાવે છે. નગરરક્ષકો મુનિને પકડે છે, મુનિ મૌન રહે છે, મુનિને શૂળીએ ચડાવે છે, શૂળી તૂટી પડે છે, રાજા વગેરે ત્યાં આવે છે, લક્ષ્મી નાસી છૂટે છે, સુવદન બધી વાત કરે છે. પાપનો ક્ષય ને ધર્મનો જય થાય છે. સુવદન દીક્ષા લે છે. સંયમનું યથાવિધિ પરિપાલન કરતા ધરણ મુનિ કાળધર્મ પામીને આરણ દેવલોકે એકવીસ સાગરોપમ સ્થિતિવાળા દેવ થાય છે. બૂરે હાલે મરીને લક્ષ્મી ધૂમપ્રભા નારકીમાં ૧૭ સાગરોપમના લાંબા આયુષ્યવાળા નારક તરીકે ઉપજે છે.

આ પ્રસંગ જરા વિસ્તારથી જણાવ્યો છે પણ આ કથા આ વિભાગમાં એટલી ખીલી છે કે આ વિસ્તાર પણ ઘણો જ ટૂંકો હોય એમ લાગે છે. આચાર્ય અર્હદ્દત્તનું ચરિત્ર તો ઘણું જ રમ્ય અને ભવનિર્વેદની ભારોભાર મહત્તા સમજાવતું રસમય બન્યું છે. તેમાં આવતાં રૂપકો તો વાંચ્યા પછી મનમાં રમી રહે છે. સંસારનું ખેંચાણ કેટલું છે તેમાંથી છૂટવું કેટલું મુશ્કેલ છે તેનો ચિતાર આ ચરિત્ર કરાવે છે. સજ્જનોની સજ્જનતા અને દુર્જનોની દુર્જનતા કેવી હોય છે તે આ વિભાગમાં જણાવી છે.

આપત્તિમાં આવેલો સજ્જન અધિક સુજનતા દાખવે છે. અગ્નિમાં પડેલ કાલાગુરુ ધૂપ અપૂર્વ સુગન્ધ પ્રસરાવે છે. તેનો સાક્ષાત્કાર ધરણ કરાવે છે:

आपद्गतः खलु महाशयचक्रवर्ती, विस्तारयत्यकृतपूर्वमुदारभावम् ।।
कालागरुर्दहनमध्यगतः समन्तात्लोकोत्तरं परिमलं प्रकटीकरोति ।।१।।

**સાતમો ભવ :—**

પૂર્વાનુસંધાન ગાથા આ પ્રમાણે છે:

वक्खायं जं भणियं, धरणो लच्छी य तह य पइभज्जा ।
एत्तो सेणविसेणा, पित्तियपुत्त त्ति वोच्छामि ।।१।।

ચંપા નામે નગરી છે. અમરસેન રાજા છે. જયસુન્દરી મહારાણી છે. જયસુન્દરીની કુક્ષિએ ધરણ જન્મે છે, ને તેનું નામ 'સેન' રાખવામાં આવે છે. વખત જતાં લક્ષ્મીનો જીવ મહારાજાના નાના ભાઈ યુવરાજ હરિષેણને ત્યાં તારપ્રભાની કુક્ષિએ પુત્ર પણે જન્મ લે છે તેનું નામ 'વિષેણ' રાખવામાં આવે છે. એક કેવલી સાધ્વીજીની આત્મકથા સાંભળીને ઘણાએ પૌરજન સહિત, રાજા અમરસેન પુરુષચંદ્રગણી પાસે દીક્ષા લે છે ને હરિષેણ રાજા થાય છે. પરમ સજ્જન સ્વભાવે અને પ્રકૃષ્ટ પુણ્યોદયને લઈને સેનકુમાર રાજા પ્રજા અને સકલ પરિવારને પૂર્ણ પ્રીતિપાત્ર છે.

.૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફક્ત વિષેણુને છોડી દઈને જેમ જેમ સેન તરફનું આકર્ષણ સર્વનું વધતું જાય છે તેમ તેમ વિષેણુનો વિપરીત ભાવ પણ વધતો જાય છે. વિષેણુ સેનને મારી નાખવા મારા મોકલે છે પણ તેઓ પકડાઈ જાય છે ને બાજી ઊંધી વળે છે. રાજા હરિષેણુને પોતાના જ પુત્ર પર ઘણો ક્રોધ આવે છે પણ સેનકુમાર પોતાના અપૂર્વ સૌજન્યથી એ સર્વનું સાન્ત્વન કરે છે. કેટલાએક કાળ પછી જાતે જ વિષેણુકુમાર સેનકુમારને મારવા ઉદ્યત થાય છે પણ તે ફાવી શકતો નથી. સ્વચ્છ હૃદયના સેનકુમારને વિષેણુ શા કારણે આમ કરતો હશે તે સમજાતું નથી. તે પોતાની પ્રિયા સાથે રાજ્ય છોડી ચાલી નીકળે છે. પ્રવાસના અનેક કષ્ટોને અનુભવતા તેઓ આગળ વધે છે. પ્રિયતમાનો વિયોગ થાય છે ને છેવટે પ્રિયમેલકતીર્થ તેમનો સમાગમ કરાવે છે ને પર રાજ્યમાં પણ પરમ આહ્લાદ અનુભવે છે. પોતાના રાજ્યની સ્થિતિ વિષેણુના હાથે વિષમ બની છે. તે સુધારવા પ્રયત્ન કરે છે છતાં પ્રયત્નો કારગત નિવડતા નથી. હરિષેણુ આચાર્ય કે જેઓ સંસાર પક્ષે પોતાના કાકા થાય છે. તેઓને મુખે કર્મ અને સંસારની વિચિત્રતાઓ સાંભળીને સેનકુમાર, શાન્તિમતી પ્રિયા અને મંત્રી આદિ પરિવાર સહિત પ્રવ્રજ્યા સ્વીકારે છે. વિહાર કરતા કોલ્લાક ગામે રાતે પ્રતિમાધ્યાને સેનમુનિ રહ્યા છે ત્યાં રાજ્યભ્રષ્ટ વિષેણુકુમાર પોતાના કેટલાએક દુષ્ટ મિત્રો સહિત આવે છે ને સેનમુનિને મારવા ઉદ્યત થાય છે પણ ક્ષેત્રદેવતા તેને વારે છે ને છેવટે ત્યાંથી દૂર અવગ્રહ બહાર મૂકી આવે છે. ભિલ્લોને હાથે ભયંકર અટવીમાં ભૂંડે હાલે મરીને વિષેણુ બાત્રીસ સાગરના આયુવાળો તમપ્રભા નારકીમાં નારક થાય છે, ને સેનમુનિ અનશન કરી નવમે ગ્રૈવયકે ત્રીસ સાગરના આયુષ્યવાળા દેવ થાય છે.

આ વિભાગમાં એક સાધ્વીજીનું તથા હરિષેણુ આચાર્યશ્રીનું કથાનક ટૂંકમાં છતાં સચોટ છે. કોઈના પર આળ ચડાવવાનાં પરિણામ કેવાં સહન કરવાં પડે છે તે અને નાના અપરાધનો દંડ કેવો વિચિત્ર મળે છે તેનો ચિતાર એ કથાનકો કરાવે છે. આ વિભાગમાં નૈમિત્તિકના જ્ઞાનનું સામર્થ્ય, વૃક્ષો અને તીર્થોના પ્રભાવો, મણિનું માહાત્મ્ય, યોગીઓના આશ્રમો વગેરે વર્ણન આકર્ષક છે. નૈસર્ગિક ને પ્રાસંગિક વર્ણનોના મિશ્રણથી આ વિભાગની કથા જાણે કુદરતને ચિતરતી ન હોય એવો ભાવ જગવતી આગળ ને આગળ લઈ જાય છે.

**આઠમો ભવ :—**

वक्खायं जं भणियं, सेण–विसेणा उ पित्तियसुयत्ति ।
गुणचंद–वाणमंतर, एत्तो एयं पवक्खामि ॥ १ ॥

આ પૂર્વાનુસંધાન કરતી આ ગાથા છે.

અયોધ્યા નગરીમાં મૈત્રીબલ રાજાને ઘેર પદ્માવતી મહારાણીની કુક્ષિએ સેનનો આત્મા અવતરે છે ને તેનું ગુણચંદ્ર એવું નામ રાખવામાં આવે છે. સકલ કલાકલાપનો અભ્યાસ કરવા છતાં કુમાર ગુણચંદ્રનું ચિત્ત સ્વભાવતઃ વિષયવિમુખ રહે છે. સતત ધર્મપોષક વૃત્તિ–પ્રવૃત્તિ ને વાત એ આચરે છે.

વિષેણુનો જીવ વિદ્યાધરોની શ્રેણિમાં જન્મ લે છે, ને વાનમંતર નામે પ્રસિદ્ધ થાય છે. કુમારને ઉપદ્રવ આપવા વાનમંતર વિદ્યાધર ઘણા પ્રયત્નો કરે છે પણ કુમારના પુણ્ય પાસે તેનું કાંઈ ચાલતું નથી. કુમાર ગુણચંદ્રના વિવાહ રત્નવતી સાથે થાય છે પછી પણ

[ જુઓ : અનુસંધાન પૃષ્ઠ : ૧૨૦ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जात्यन्ध पुरुषों द्वारा हस्तिस्वरूपके वर्णनवाला दृष्टान्त क्या बौद्ध-ग्रंथसे लिया गया है ?

लेखकः—श्रीयुत अगरचन्दजी नाहटा, बीकानेर

**एक ही** वस्तुको भिन्न भिन्न सापेक्ष दृष्टिकोणोंसे देखने व जाननेकी प्रणाली स्याद्वाद व अनेकान्त है। और एक ही दृष्टिकोणसे वस्तु स्वरूपका आग्रहपूर्वक अवलोकन या मान्यता एकान्तवाद व मिथ्यात्व है। इस बातको सरलतासे हृदयंगम करनेके लिये जैन ग्रंथोंमें अनेक दृष्टान्त दिये हुए मिलते हैं। उनमेंसे जात्यंध पुरुषों द्वारा निर्णीत हस्तिके एक एक अंगके स्पर्श द्वारा निर्णीत विभिन्न मान्यताओंकी अयुक्ततावाला दृष्टान्त भी एक है, जिसे अनेक ग्रंथोंमें दिया गया है और अनेक वाद भाषणो, लेखों आदिमें बतलाया जाता है। यह दृष्टान्त मूल तो कितना प्राचीन है, सबसे प्राचीन किस जैन ग्रंथमें लिखा मिलता है—यह मुझे पता नहीं। पर अभी अभी श्रीभरतसिंह उपाध्यायके 'पाली साहित्यका इतिहास' पढ़ने पर यह प्रथम वार मालूम हुआ कि यह बौद्ध-साहित्यके प्राचीन 'उदान' नामक ग्रंथके ६ठे वर्गमें वर्णित है। इस वर्गका नाम ही 'जचंध वग्ग' अर्थात् जात्यंध वर्ग है। श्रीभरतसिंह उपाध्यायने विश्वका धार्मिक साहित्य इस दृष्टान्तके लिये बौद्ध साहित्यका ऋणी है—लिखा है। इसलिये जैन साहित्यमें यह कबसे प्रविष्ट हुआ—यह जाननेकी सहज इच्छा हुई और वह जिज्ञासा इस लेखके द्वारा विद्वानोंके सम्मुख रख रहा हूं। आशा है पं. सुखलालजी, दलसुखभाई, मुनि जंबुविजयजी, आचार्य विजयदर्शनसूरि आदि जैन-न्याय और दर्शनके प्रकाण्ड विद्वद्गण इस समस्याका सन्तोषजनक समाधान शीघ्र ही प्रकाशित करेंगे।

वैसे तो एक दूसरे धर्म-सम्प्रदाय परस्परमें समय समय पर कुछ बातें लेते देते रहते हैं। और अच्छी बातको अपनानेमें संकोच होना भी नहीं चाहिये। हमें अपने विरोधी सम्प्रदायसे भी कोई हितकी बात मिल सकती हो तो ग्रहण करनेमें सदा तत्पर रहना चाहिये। जैन और बौद्ध तो परस्परमें बहुत ही मिलते जुलते धर्म हैं। भगवान् महावीर और बुद्ध दोनों समकालीन महापुरुष थे। अहिंसाका प्रचार, यज्ञ एवं बलिप्रथा आदि हिंसात्मक कार्योंका विरोध, जातिवादका खंडन, ईश्वरके ऐकाधिपत्य एवं सृष्टिकर्त्ताकी अमान्यता आदि अनेक बातें परस्परमें बहुत ही सादृश्य रखती हैं। अनेक बौद्ध कथाएं एवं दृष्टान्त यावत् कुछ धार्मिक सिद्धान्तोंकी प्रतिपादक गाथाएं भी साधारण हेरफेरके साथ दोनों धर्मोंके साहित्यमें समानरूपसे मिलती हैं। परवर्त्ती जैन ग्रंथोंमें विशेष रूपसे प्रचारित मैत्री, कारुण्य, प्रमोद और माध्यस्थ्य—इन चार भावनाओंको भी बौद्ध ग्रंथोंसे अपनाई प्रतीत होती हैं। दोनों धर्मोंके प्राचीन

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



साहित्यका समभावसे तुलनात्मक अध्ययन करने पर बहुत सी ज्ञातव्य बातें प्रकाशमें आ सकती हैं। पर हम दोनों धर्मोंके अनुयायियोंमें वह विशाल उदार बुद्धि बहुत कम व्यक्तियोंमें आ पाई है। सम्प्रदायिक आग्रह छोड़ना बड़ा कठिन होता है। पर उसके छोड़े बिना भी चारा नहीं। सांप्रदायिक आग्रह रखते हुए विशुद्ध तथ्यको प्राप्त करना असंभव नहीं तो अत्यन्त कठिन है। श्रीभरतसिंह उपाध्यायके पाली साहित्यके इतिहासके अध्ययनसे मुझे बहुतसे नवीन तथ्योंका पता चला। मेरा प्राकृत एवं पाली भाषाका उतना अभ्यास नहीं, फिर भी मुझे हिंदी अनुवाद सहित इन ग्रंथोंको पढनेमें बड़ा रस आता है। मैं दोनों धर्मोंके विद्वानोंसे तुलनात्मक अध्ययन द्वारा ज्ञातव्य तथ्योंको प्रकाशमें लानेका आह्वान करता हूं।

जहां तक हाथीवाले दृष्टान्तका प्रश्न है, मुझे लगता है कि यह किसी सम्प्रदाय विशेषकी चीज नहीं। तत्कालीन लोकसमाजमें प्रचलित यह दृष्टान्त सभीके लिये ग्राह्य वा उपादेय था। इसे किसीने पहले लिपिबद्ध कर लिया, किसीने पीछे। बस इतनासा प्रश्न है। पर इतिहासके विद्यार्थीके लिये यह अन्वेषणीय तथ्य अवश्य है। इसीलिये इस लेख द्वारा अन्वेषणकी प्रेरणा देनेके लिये इसे उपस्थित किया जा रहा है। पाली साहित्यके इतिहासके पृ० २३०में वर्णित वक्तव्य नीचे दे रहा हूं।

'उदान 'के छठे वर्ग 'जात्यन्ध वर्गमें' जात्यंध पुरुषोंको हाथी दिखाये जानेकी कथा है। इस कथाका प्रवचन भगवान्ने श्रावस्तीके जेतवन आराममें दिया। अनेक अंधे हाथीको देखते हैं, किन्तु उसके पूरे स्वरूपको कोई देख नहीं पाता। जो जिस अंगको देखता है वह उसका वैसा ही रूप बतलाता है। भिक्षुओ! जिन जात्यंधोंने हाथीके सिरको पकड़ा था, उन्होंने कहा हाथी ऐसा है जैसा कोई बड़ा घड़ा। जिन्होंने उसके दांतको पकड़ा था उन्होंने कहा हाथी ऐसा है जैसा कोई खूंटा। जिन्होंने उसके शरीरको पकड़ा था उन्होंने कहा हाथी ऐसा है जैसा कोई कोठी आदि। इस प्रकार अंधे आपसमें लड़ने लगे और कहने लगे हाथी ऐसा है वैसा नहीं, वैसा है–ऐसा नहीं। यही हालत मिथ्यावत् वादोंमें फँसे हुए लोगोंकी है। कोई कहते हैं लोक शाश्वत है। यही सत्य है--दूसरा बिल्कुल झूठ आदि। कितने श्रमण और ब्राह्मण इसीमें झूझे रहते हैं 'धर्मके केवल' एक अंगको देखकर वे आपसमें विवाद करते हैं। उपर्युक्त दृष्टान्त बौद्ध-साहित्यमें बहुत प्रसिद्ध है। संस्कृतमें भी अंध-गज न्याय प्रसिद्ध है। जैन साहित्यमें भी यह सिद्धान्त विदित है। मानवीय बुद्धिकी अल्पता और सर्वधर्म समन्वयकी दृष्टिसे यह दृष्टान्त इतना महत्त्वपूर्ण है कि प्रसिद्ध सूफी कवि मलिक मोहम्मद जायसीने भी इसका उद्धरण अपनी 'अखरावट 'में लिया है।--

[ देखो : अनुसंधान टाइटल पृष्ठ : ३ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पूर्वदेश चैत्यपरिपाटी

लेखकः– श्रीयुत भंवरलाल नाहटा, बीकानेर

**जैनधर्म**का प्राचीन प्रचारकेन्द्र बंगाल-बिहारादि पूर्व प्रदेश हैं। पर परिस्थिति-वश पश्चिम एवं दक्षिणकी ओर पीछेसे प्रचारकेन्द्र स्थापित हो गया अतः पूर्वसे जैनधर्मका एक तरहसे सम्बन्ध विच्छेद सा हो गया। इसीलिए वहाँके श्रावक जो वर्तमानमें सराक जातिके रूपमें प्रसिद्ध हैं, जैन संस्कारोंसे संस्कारित होने पर भी जैन तत्त्वज्ञान व आचारसे अनभिज्ञ हो गये हैं। प्रचारकेन्द्रके इधर सरक जाने पर भी जैन तीर्थङ्करोंकी कल्याणकभूमि उधर ही अधिक थी अतः उन तीर्थस्थलोंकी यात्राके लिए संघ जाते रहते थे। उनके प्राचीन उल्लेख तो अब प्राप्त नहीं है पर १४वीं शतीसे इन तीर्थस्थलोंके विवरण बराबर मिलते रहते हैं। आचार्य श्रीजिनप्रभसूरिजीने अपने "विविध तीर्थकल्प" नामक ग्रन्थमें तत्कालीन सभा जैन तीर्थोंकी विशद जानकारी दी हुई है। इसके बादका वैसा महत्त्वपूर्ण ज्ञातव्य ग्रन्थ तो नहीं मिलता पर समय समय पर यात्रा करनेको जो जो गये उनमेंसे कईयोंने रास्तेके विहारस्थलोंके निर्देश व इन तीर्थोंके सम्बन्धमें आवश्यक सूचनाएं अपनी रचनाओंमें दी है। ऐसे पूर्वदेशकी चैत्यपरिपाटियोंमें खरतरगच्छीय आचार्य जिनवर्द्धनसूरिजीकी चैत्यपरिपाटी उल्लेखनीय है। सं. १४९३ की लिखित हमारे संग्रहकी विशिष्ट प्रतिमें वह लिखित मिली है जिसे मूलरूपसे "जैन सत्य प्रकाश" के गतांकमें प्रकाशित की है। १६वीं शतीकी हंससोम रचित 'पूर्वदेशचैत्यपरिपाटी' प्राचीन तीर्थमाला संग्रहमें प्रकाशित हो ही चुकी है। १७वीं शतीकी भयख रचित 'पूर्वदेशचैत्यपरिपाटी' दो वर्ष पूर्व बीकानेरके आचार्य शाखाके ज्ञानभंडारका अवलोकन करते हुए एक गुटकेमें प्राप्त हुई। जिनका ऐतिहासिक सार प्रस्तुत लेखमें दिया जा रहा है।

इसी शताब्दीके 'समेतशिखर संघवर्णन रास'का सार हम 'जैन सत्य प्रकाश' व. ७, अं. १०–११ में इतः पूर्व प्रकाशित कर चुके हैं और १८वीं शतीकी कई तीर्थ-मालाऐं 'प्राचीन तीर्थमाला' में प्रकाशित हैं।

एक अप्रकाशित 'समेतशिखर बृहद्स्तवन' गा. १२७ कीर्तिसुंदर रचित (पूर्वदेश तीर्थमाला) मुझे हाल ही में सीरोहीके एक गुटकेमें मिली हैं उसके प्रारंभिक पत्र १८ प्राप्त नहीं हुए एवं बीचके कई पत्र चिपक जानेसे कुछ अक्षर–अस्पष्ट हो गये हैं अतः इसकी अन्य प्रतिकी अपेक्षा है। मिल जाने पर उसका भी ऐतिहासिक सार प्रकाशित करनेका

---

१. अंचलगच्छीय महेन्द्रसूरिकी 'तीर्थमाला' (प्राकृत) परकी वृत्तिमें और 'उपदेश सप्ततिका'में कुछ श्वे. जैनतीर्थोंका परिचय मिलता है।

२. विजयसागर रचित 'समेतशिखर तीर्थमाला', जयविजय रचित 'समेतशिखर तीर्थमाला' सौभाग्यविजय रचित एवं शीलविजय रचित तीर्थमालाएं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विचार है। प्रतीक्षा करने पर यदि अन्य प्रति नहीं मिली तो प्राप्त प्रतिके आधारसे ही सार प्रकाशमें लाया जायगा।

इन तीर्थमालाओं, चैत्यपरिपाटियों एवं ऐतिहासिक स्तवनोंका जैन तीर्थोंके इतिहास लेखनमें बडी उपयोगिता है। हमने ऐसी छोटी बड़ी अनेक रचनाएं जहाँ कहीं भी मिली संग्रहित की है। कोई प्रकाशित करनेको तैयार हो तो संपादन् किया जा सकता है।

श्वेताम्बर जैन तीर्थोंकी प्रधान व्यवस्थापिका पेढ़ी श्री. आणन्दजी कल्याणजीका कर्त्तव्य है कि लाखों रुपये पेढ़ीमें जमा पड़े हैं उनका कुछ उपयोग जीर्णोद्धारके साथ साथ उन तीर्थोंके प्रमाणिक इतिहास, एवं उन्होंके निर्माणकी सामग्रीके प्रकाशन, मन्दिरों व मूर्तियोंके लेखोंके संग्रह, उनके शिल्प-स्थापत्यादि विशिष्ट कलाके फोटोंके संग्रह ग्रन्थ ( आल्बम ) के प्रकाशनादिमें भी खरच कर अपना कर्त्तव्य अदा करे। इसी प्रकार दिगम्बर तीर्थ रक्षा कमेटी दिगम्बर तीर्थोंके संबंधमें शोधपूर्ण संग्रह ग्रन्थ प्रकाशित करे।

जिस चैत्यपरिपाटीका यहाँ सार दिया जा रहा है वह ८५ पद्योंकी है। पद्यांक ७७से अलवर सकुशल आने तकका उल्लेख कर फिर तपागच्छीय ऋषियोंको प्रणाम किया है और तदन्तर जैसलमेरके ८ चैत्योंका निर्देश है। अलवरका भैरुंशाह इसी समय तपागच्छका भक्त हो गया है अतः संभव है वही इसके रचयिता हों। उनके रचित शील सज्झायादि उपलब्ध हैं। इसके सम्बन्धमें हमारा एक लेख "ओसवाल नवयुवक" व. ७, अं. ७ में प्रकाशित हो ही चुका है। अतः यहाँ विशेष विवरण नहीं दिया जा रहा है।

दिगंबर साहित्यमें श्वेतांबर साहित्यकी अपेक्षा ऐतिहासिक साहित्यकी कमी है। तीर्थोंके इतिहासके साधन तो उनके और भी स्वल्प है। 'निर्वाणभक्ति' नामक कुछ रचनायें प्राप्त हैं जिनमें तीर्थोंके नामादिका उल्लेख तो मिलता है पर विशिष्ट इतिवृत्त नहीं। दिगंबर पट्टावलियां एवं निर्वाणभक्ति संज्ञक जितनी भी ऐतिहासिक रचनाएं प्राप्त हो, संग्रह कर प्रकाशित करनी आवश्यक है। भारतीय ज्ञानपीठ--बनारससे एक ऐसा संग्रह ग्रंथ पं. भुजबली शास्त्री द्वारा संपादित प्रकाशित होनेवाला ज्ञात हुआ है, जिनकी प्रतीक्षा लग रही है। उसके अतिरिक्त जो भी सामग्रो प्राप्त है, प्रकाशित करनेका दिगंबर विद्वानोंको अनुरोध है।

## भयख रचित पूर्वदेश चैत्यपरिपाटीका ऐतिहासिक सार

श्री मेडता नगरके पार्श्वनाथ, शान्तिनाथ पार्श्व और नमिप्रभुको वंदन कर फलवर्धि पार्श्वनाथ तोर्थ आये, वहांसे डीडू, फतहपुर, झूंझणुं, नहरड़, सिंघाणा नारनौल, बरड़ोदि, बेरोजिके चैत्योंकी वन्दना कर अलवरमें श्रीरावण पार्श्वनाथ, आदिनाथ, शान्ति और पार्श्वप्रभुके आठ प्रसादोंके दर्शन कर कुल्ल आये, जहां तीन शिखरबद्ध प्रासाद थे यहांसे पूर्वदेशकी कल्याणकभूमिकी तीर्थयात्राके हेतु चले। अब्राहमपुर, सिकंदराबाद, बयानाकी यात्रा कर मथुरा

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तीर्थ पहुंचे यहां ऋषभदेवके दो जिनालय और प्रभवस्वामीके स्तूपके दर्शन हुए। अनुक्रमसे आगरा और फिर ३२ कोशकी दूरी पर चंदवाड़िमें चन्द्रप्रभ, वहांसे २ कोश अभयपुरीमें "खमणावसही"में नमन कर ८ कोश फतहपुरके प्रासादोंकी वन्दना की। वहांसे रिपड़ी आये जहां २ कोस पर खमणावसही थी, वहांसे ५ कोस नेमिनाथस्वामीकी जन्मभूमि सौरीपुर स्थित आठ जिनालयोंके दर्शन किये। फिर १० कोस स्थित जसंराणाके चैत्यको जुहार कर ३ कोस पर नेमिप्रभुको नमन कर ७ कोस दूर सकीट गांवमें "खमणावसही"को वंदना की। वहांसे सात कोस किरोड़ानगर फिर भूयग्राममें "खमणावसहीं"में जिनवंदन किया जो कि सात कोस दूर थी। वहांसे तुरत १६ कोस चल कर कम्पिलपुर आये जो कि विमलनाथ तीर्थंकरकी जन्मभूमि है। सती द्रौपदीका पीहर यहीं था, केसरीवनमें गर्दभिल्ल गुरुके पास राजा संयती व्रतधारी हुआ था। कम्पिलपुरसे तीन कोस सिकंदरपुरमें छीपावसही फिर पानवाड़ीके चैत्य और भुजपरि (?) की अनुक्रमसे वन्दना की। सेरगढ़ पधार कर एक जिनालयमें बहुतसे जिनबिंबोंको नमस्कार किया।

वहांसे गंगा पार उतर कर लखाणूंके जिनेश्वरका १ चैत्य था, वंदन कर; दरिआबादमें "खमणावसही" भेट कर, रतनपुरी तीर्थमें आये जहां धर्मनाथकी जन्मभूमि है और मन्दिरमें प्रभपादुकाओंके दर्शन कर सात कोस पर अयोध्या तीर्थ आये। यहां ऋषभदेव, अजितनाथ अभिनंदन, सुमतिनाथ और अनंतनाथ भगवानकी जन्मभूमि है। अयोध्याजीसे बत्तीस कोस सावत्थीनगरी है यहां तीसरे तीर्थंकरकी जन्मभूमि है पार्श्वापत्य केशी स्वामीसे गणधर गौतम यहीं मिले और मतभेद मिटाया। भगवान महावीरके श्रमणोपासक संख और पुक्खली भी यहीं हुए हैं। यहांसे लौटते हुए २० कोस पर सोढलपुरमें दो जिनगृहोंकी वन्दना की फिर २० योजन पर स्थित जोवणपुर (जौनपुर)में श्रीपार्श्वनाथ प्रभुको नमन कर जन्ममरणका भय मिटाया। यहांसे १५ कोस चन्द्रावतीमें चन्द्रप्रभस्वामीकी चरणपादुकाओंके दर्शन किये। चन्द्रावतीसे सिंहपुरी ६ कोस है जहां श्रीश्रेयांसनाथ तीर्थंकरकी चरणवंदना की।

बनारस नगरमें पार्श्वनाथ और सुपार्श्वनाथ जिनेश्वरकी जन्मभूमिमें चैत्यवंदना कर गंगा नदी पार होकर मगध जनपदमें प्रवेश किया। सहसाराममें खमणावसही थी फिर सोवन (सोनभद्रा) नदी पार होकर झाड़के खंड (झारखंड ?)में २ चैत्योंकी वंदना की, भद्दिलपुरमें श्रीशीतलनाथकी जन्मभूमिकी स्पर्शना कर भीलके राज्य गुंजा नामक ग्राम आये। गिरिराजकी तलहटिकामें वंदनाकी इच्छा की फिर रामपुरमें गरम पानीके कुण्ड देख कर आगे चले। समेतशिखरकी तलहटिकामें भील पल्लीपति गुंजराजके गांव पालइ (पालगंज)में आकर जन्म सफल किया।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तीर्थाधिराज सम्मेतशिखरकी वन्दना करने अग्रसर हो सर्वप्रथम अचल बड़ पहुंचे, वेदिकाके ऊपर तीन चैत्योंकी वंदना करके गिरिराज पर २० तीर्थंकरोंकी निर्वाणभूमिके स्तूपोंको नमन कर वापस लौटे। ऋजुवालिका नदी पर आकर वीरप्रभुकी केवलज्ञानभूमिकी स्पर्शना कर गिराराजसे पांच योजन मरहट (?) आये; जहां श्रीऋषभदेवके प्रासादको नमन किया। कोपन चैत्यकी वन्दना कर वहांसे दस कोस राजगृह नगर आये। यहां १ वैभारगिरि, २ उदयगिरि ३ विपुलगिरि ४ हेम(स्वर्ण)गिरि, ५ वां रत्नगिरि पहाड़ हैं। वीरवसति (वर्त्तमान सोनभंडार), निर्माल्यकूप जिसे नागका देवल कहते हैं–शालिभद्रका कुंआ था, देखा। ३२ चैत्योंको नमन कर रोहणियाकी गुफा देखी। ११ गणधरोंकी चरणपादुकाओंका वंदन कर सात उष्ण और सात शीतल जलके कुण्ड देखे। नगरमें एक मन्दिर और पौषधशाला थी। बीसवें तीर्थंकर मुनिसुव्रत प्रभुकी जन्मभूमि–राजगृहसे चार कोस चलकर वड़गांम (नालंदा) आये। यहां श्रीमहावीरस्वामीके मंदिरमें भक्ति की। गुणसिल चैत्यमें भगवान महावीर समवसृत थे। नालंदापाड़ामें प्रभुने चौदह चातुर्मास किये थे। यहांसे पावापुरी तीन कोस है। सोलह प्रहर तक देशन दे भगवंतका यहां निर्वाण हुआ। तालाबके बीच जिनेश्वरको वन्दना कर बिहार आये। यह वही तुंगिया नगरीथी जहांके श्रावकोंकी प्रशंसा स्वयं भगवानने श्रीमुखसे की थी। वहांसे क्षत्रियकुण्ड आये, जहां श्रीमहावीरस्वामीका जन्म हुआ था। माहणकुंड यहांसे तीन कोस पर विद्यमान है जहां प्रभुने देवानंदाकी कुक्षिमें अवतरित हो स्थानको पवित्र किया था। दो जिनालयोंको नमन कर आध कोस ऊपर जन्मभूमि स्थानमें जिनगुण स्तवना की।

क्षत्रियकुण्डसे ६ कोस काकंदी है, जहां नवें तीर्थंकर श्रीसुविधिनाथस्वामीका जन्म हुआ। भद्रानंदन धन्ना अणगार भी यहींके थे जिनकी प्रभुने प्रशंसा की थी। यहांसे २५ कोस चंपानगर है, वासुपूज्य भगवानकी जन्मभूमिमें चैत्यवंदना कर कुंभकारवेन (?) आये। भागलपुर एक कोस है, जहां खमणवसही थी। वासुपूज्यजीके चरणोंके अनुसरण कर अंबाई-वन (आम्रवन ?) में उतरे फिर राजगृह वापस आये। सहसाराममें भावना भाकर बनारस, प्रयाग आये। यहांसे १६ कोस कोसांबी है जहां महावीरस्वामीके छमासी तपका पारणा हुआ। कड़माणिक और खमणाचैत्य उत्तम स्थान है। वहांसे सौरीपुर आकर नेमिनाथस्वामीको वन्दना कर अब्राहमबादमें जिनेश्वरके चरण भेटे। भूहड़में पार्श्वनाथ और दिल्लीमें महावीर-स्वामीको वंदन किया। श्रीजिनप्रभसूरिने यहां ब्राह्मण, काजी, मुल्ला आदि अनेक मिथ्यात्वियोंको हराकर व जिनप्रतिमा द्वारा धर्मलाभ दिलाकर बादशाहको रंजित किया था। वहांसे ७ कोस हस्तिनापुर आये, शांतिनाथ, कुंथुनाथ और अरनाथ प्रभुके जन्मस्थानमें तीन स्तूपों व अंबाई व मल्लिनाथस्वामीके चैत्योंकी वन्दना कर रेवाड़ी होकर सकुशल अलवर लौटे। इस प्रकार

[ देखो : अनुसंधान टाइटल पृष्ठ : ३ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# गर्दभी विद्याका वैज्ञानिक आविष्कार

लेखक : डॉ. श्रीयुत बनारसीदास जैन, एम्. ए., पीएच्. डी.

**गर्दभी विद्या** एक प्राचीन विद्याका नाम है जिससे ध्वनिमात्रके द्वारा शत्रु–सेनाका संहार किया जा सकता था। इसको गर्दभीविद्या इसलिए कहते थे कि इसके प्रयोगमें विद्याद्वारा निर्मित एक गधीके मुखसे ऐसी एक विशेष ध्वनि उत्पन्न की जाती थी कि जो कोई उसे सुनता वह तत्काल मुंहसे लहु वमन करता हुआ अचेत होकर मर जाता। इस गर्दभीविद्याका उल्लेख कालकाचार्य कथानक में मिलता है।

कालकाचार्य जैन इतिहासमें बहुत प्रसिद्ध व्यक्ति हुए हैं। इन्होंने भिक्षुवेश धारण करके अपनी बहिन सरस्वतीकी शीलरक्षाके निमित्त उसे कुछ कालके लिये छोड़ा और कार्य-समाप्ति पर प्रायश्चित्तके साथ उसे फिर ग्रहण किया। यही घटना उनके जीवनका प्रधान कथानक है जिसकी जैनाचार्योंने संस्कृत और प्राकृतमें गद्यपद्यमयी अनेक रचनायें की हैं। इनमेंसे मुख्य रचनाओंको प्रो० डब्ल्यू. एन. ब्राउनने संपादित करके अपनी पुस्तक "स्टोरी ओफ़ कालक "में सन् १९३३में संगृहीत किया। इन्हींकी देवनागरी प्रतिलिपि मेरे किये हुए हिन्दी अनुवाद सहित सन् १९४४ में ओरियंटल कालिज मेगेज़ीन लाहौरमें प्रकाशित हुई। संक्षेपरूपमें कथानक इस प्रकार है—

विक्रमादित्यसे पहले उज्जयिनीमें गर्दभिल्ल नामका राजा था। उसका यह नाम इस लिये पड़ा कि वह गर्दभीविद्याको जानता था। वह बड़ा ही स्त्रीलंपट था। एक बार कालकाचार्यकी बहिन साध्वी सरस्वती, जंगल–दिशाको बाहर जा रही थी। गर्दभिल्ल उसे देखते ही उस पर मोहित हो गया और बलात्कार उसे अपने अन्तःपुरमें ले गया। मन्त्रियोंके समझाने और प्रजाके विनति करने पर भी राजाने सरस्वतीको न छोड़ा। लेकिन जब कालकाचार्यके कहने पर भी गर्दभिल्ल न माना तो उसे राजा पर बड़ा क्रोध आया और वह नगरमें पागलोंकी भांति फिरने लगा। अन्तमें वह उज्जयिनीको छोड़कर हिन्दुकदेश (सिन्धु नदीके किनारेका कोई प्रदेश)में चला गया जहांके शासक "शाही" कहलाते थे। कालकाचार्यने विद्याबलसे प्रधान शाहीको अपना भक्त बना लिया। एक दिन उचित अवसर पाकर उसे उज्जयिनी पर धावा करनेकी प्रेरणा की। शाही मान गया और अपनी सेनासे उज्जयिनीको आ कर घेर लिया। शत्रुसेनाके संहारके लिये गर्दभिल्लने गर्दभीविद्याकी आराधना आरम्भ की। जब यह सूचना कालकाचार्यको मिली तो उन्होंने शाहीसेनाके एक सौ धनुर्धारी योद्धाओंको बुलाकर कहा कि थोड़ी देर में किलेके परकोटे पर एक गधी प्रकट होकर चीख़ना शुरू करेगी। जो कोई उसकी चीख़को सुन लेगा, वह अचेत होकर मुंहसे लहू वमन करता हुआ मर जायगा। इससे बचनेका यही उपाय है कि ज्योंही गधी चीख़नेके लिये अपना मुंह खोले, तुमने त्योंही युगपत

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बाण मार कर उसका मुह बाणोंसे भर देना। यदि ऐसा न किया गया, तो सब सेना नष्ट हो जायगी। अतः तुमको बड़ी सावधानीसे काम लेना चाहिये। चुनांचि ऐसा ही किया गया। गर्दभिल्लकी विद्या असफल रही और वह परास्त हुआ। तब शाहीलोग उज्जयिनीके राजा बन गये।

आजकाल ऐसा कौन व्यक्ति है जो गर्दभीविद्यामें विश्वास करेगा और मान लेगा कि किसी विशेष ध्वनिमात्रसे समस्त सेनाका संहार किया जा सकता है? परंतु धन्य है वैज्ञानिकोंको जिन्होंने इस दिशामें भी प्रयोग किया है। अम्बाला (पंजाब)से प्रकाशित होनेवाले ७. ३. ५२के दैनिक पत्र ट्रिब्यून (Tribune)में लंदनका एक समाचार छपा था जिसका शीर्षक था New weapon that may annihilate armies अर्थात् सेनासंहारका नवीन शस्त्र। उस लेखका उपयोगी अंश नीचे दिया जाता है।

**New weapon that may annihilate armies**

Can armies be destryoed by sound? This is the question that military scientists are asking themselves to-day.

There is little doubt that sound waves of high pitch, beyond the gamut of human ear, could prove fatal. But can a machine be perfected which would destrory whole armies by sound waves? The lethal properties of high-frequency sound waves were considered during the last war, and according to an american journal, an Englishman actually designed and ultrasonic machine, capable of destroying whole armies............

American scientist have already found that sound waves of even moderate intensity could prove fatal in the case of mice and caterpillars. Laboratory tests in an american college recently showed that ultrasonic rays could tear animal tissue to pieces and raise body temperature to as high as 140 degrees...........

It has been found that the energy of high-frequency beam, when it strikes the fur of the animals, turns into heat so intense that their body proteins coagulate. An American has discovered that diamonds could be shattered by vibrations 1,000,000 times a second. There is little doubt that sound waves of very high-frequency can prove dangerous to human beings...............

(The "Tribune" 7-3-1952)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન દર્શનનો કર્મ-સિદ્ધાંત
## અને એનું
# તુલનાત્મક અવલોકન

લેખક :- પ્રો. શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા

**પૂર્વજન્મ ને પુનર્જન્મ-દર્શન**—એટલે તાત્ત્વિક વિચારણા. એનો મુખ્ય સંબંધ આત્મા સાથે છે. કેટલાકને મતે આત્મા એ ચાર કે પાંચ મહાભૂતોનો એક પ્રકારનો આવિર્ભાવ છે અને એનો સંબંધ મર્યાદિત છે—એનું અસ્તિત્વ એ ભવ પૂરતું જ છે. આ માન્યતામાં આત્માના પૂર્વજન્મ કે પુનર્જન્મ માટે સ્થાન નથી. જેઓ આત્માને દેહથી ભિન્ન સ્વતંત્ર તત્ત્વ—પદાર્થ રૂપે સ્વીકારે છે તેઓ આત્માને શાશ્વત તો માને છે, પરંતુ એમાંયે અનેક પક્ષો છે. કેટલાક એક જ આત્મા માને છે. અનેક આત્મા માનનારાઓ પૈકી કેટલાકનું કહેવું એ છે કે આત્મા પૂર્વજન્મ અને પુનર્જન્મની ઘટમાળથી સર્વદા મુક્ત છે. ઈન્સાફને દિવસે—કયામતે ખુદા આગળ આત્મા હાજર થશે અને એ વેળા એ પ્રત્યેક આત્માને માટે એક યા બીજી સ્થિતિમાં સદાય રહેવાનું નક્કી થશે—પછી એને અન્યાન્ય ગતિમાં જવાનું નહિ રહે.

**ભવો અને મોક્ષ**—જૈન દર્શન પ્રમાણે દેહે દેહે ભિન્ન ભિન્ન આત્મા છે. આમ આત્માની સંખ્યા અનંતની છે. આ દર્શન આ દેખાતા લોક ઉપરાંત સ્વર્ગ અને નરકને પણ માને છે. વળી આત્મા—મનુષ્યનો આત્મા પણ ખોટાં કાર્ય કરે તો પશુ-પંખી તરીકે—એક સામાન્ય કીટક કરતાં યે વધુ અધમ સ્વરૂપે—સૂક્ષ્મ નિગોદના જીવ તરીકે પણ ઉત્પન્ન થાય એમ આ દર્શનનું કહેવું છે.

સૂક્ષ્મ નિગોદ એ દરેકે દરેક આત્માનું મૂળ વતન છે અને આત્મિક વિકાસ સાધનાર એ અધમાધમ દશામાંથી ઊંચે આવે—મનુષ્ય જન્મ જેવો ઉત્તમ જન્મ પણ પામે.

પુનર્જન્મ અને પરલોકની ઉપપત્તિ 'કર્મ' પર અવલંબે છે. 'કર્મ' જેવી કોઈ ચીજ જ ન હોય તો પુનર્જન્મ વગેરે સંભવે નહિ. 'કર્મ' શુભ હો કે અશુભ હો—એને 'પુણ્ય' કહો કે 'પાપ' કહો, એનો અંત ભવ્યો માટે આવી શકે તેમ છે, જોકે એ આત્મા સાથે એનો સંબંધ પ્રચારરૂપે અનાદિ કાળથી છે. આ અંત આવતાં, એ આત્મા જન્મ-મરણના ચકરાવાથી મુક્ત બને છે અને એ નિરંજન, નિરાકાર અને સચ્ચિદાનંદમય એવી અનુપમ અવસ્થાને—મોક્ષને પામે છે. આ મોક્ષ જ જૈન દર્શન પ્રમાણે ખરેખરો પુરુષાર્થ છે, ધર્માદિ તો ગૌણ છે.

**વિચિત્રતાનું કારણ**—આપણે આ દુનિયામાં જાતજાતનાં પ્રાણીઓ જોઈએ છીએ. એ બધાં એકસરખાં સુખી, નીરોગી, દીર્ઘાયુષી, જ્ઞાની, સંયમી, યશસ્વી, પ્રભાવશાળી, સમૃદ્ધ કે સુંદર નથી. અરે, એક જ માતાના પેટે અવતરેલાં જોડિયાં—સંતાનોમાં પણ અનેકવિધ વિષમતાઓ જોવાય છે. આમ જે આ જગતમાં વિચિત્રતાઓ છે તેનું કારણ શું? જૈન દર્શન એનો ઉત્તર 'કર્મ' એમ આપે છે. જયંત ભટ્ટ **ન્યાયમંજરી** (ઉત્તર ભાગ, પૃ. ૪૨)માં એને 'અદૃષ્ટ' કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પુદ્ગલ અને કાર્માણ વર્ગણા**—જૈન દર્શન સમસ્ત પદાર્થોને—દ્રવ્યોને જીવ અને અજીવ એમ બે વર્ગમાં વિભક્ત કરે છે. અજીવ તરીકે એ પુદ્ગલ, આકાશ વગેરે ગણાવે છે. આકાશ અનંત છે. એના બે ભાગ નિર્દેશાયા છે. એકમાં જીવ, પુદ્ગલ વગેરે છે, જ્યારે બીજામાં કેવળ આકાશ જ છે. પહેલા ભાગને 'લોકાકાશ' અને બીજાને 'અલોકાકાશ' કહે છે. આ લોકાકાશમાં પુદ્ગલ એક યા બીજા સ્વરૂપે સર્વત્ર છે. આ પુદ્ગલ મૂર્ત છે—રૂપી છે—ઇન્દ્રિય દ્વારા એનું ગ્રહણ શક્ય છે. એને સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ છે. એના સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંશને, જ્યાં સુધી એ એથી અલગ થયેલો ન હોય ત્યાં સુધી 'પ્રદેશ' કહે છે, અને એ અલગ થતાં એને 'પરમાણુ' કહે છે. આમ જ છૂટા છૂટા એકેક પરમાણુઓ હોય એને 'પરમાણુ વર્ગણા' કહે છે.

વર્ગણા એટલે સમુદાય. પરમાણુમાં વર્ગણારૂપે પરિણમવાની યોગ્યતા હોવાથી 'પરમાણુ વર્ગણા' નામ સાર્થક ઠરે છે. બબ્બે કે એથી વધારે પરમાણુઓ મળતાં 'સ્કંધ' બને છે. બબ્બે પરમાણુઓના સજાતીય સ્કંધો તે 'બીજી વર્ગણા' છે. એવી રીતે વધતાં વધતાં અનંત પરમાણુઓના બનેલા સ્કંધોની પણ એકેક વર્ગણા છે. આ જાતની વિવિધ વર્ગણાઓ એકેકથી સૂક્ષ્મ છે, જોકે પરમાણુઓની સંખ્યામાં એકે એકથી ચડે છે. આવી એક અનંતાનંત પરમાણુઓથી બનેલી સૂક્ષ્મ વર્ગણાને 'કાર્મણ-વર્ગણા' કહે છે. એ શરીર બનાવવા માટે કે બોલવા માટે જે વર્ગણા (ભાષા-વર્ગણા) કામમાં લેવાય છે વિચારવા માટે જે મનોવર્ગણાનો ઉપયોગ કરાય છે, તેના કરતાં પરમાણુની સંખ્યા તેમજ સૂક્ષ્મતાની દૃષ્ટિએ ચડિયાતી છે.

**કાષાયોનું નિરૂપણ**—જૈન દર્શન પ્રમાણે જીવોના બે પ્રકાર છે: (૧) મુક્ત અને (૨) સંસારી. સંસારી જીવોને દેહ છે, જ્યારે મુક્ત જીવોને દેહ નથી. દેહધારી જીવોમાં જેઓ સર્વથા અવિકારી બન્યા છે તેઓ 'જીવન્મુક્ત' ગણાય છે. એમના સમભાવમાં—એમની અવિકારિતામાં—વીતરાગતામાં તેમજ એમના જ્ઞાનમાં કશી મણા નથી. એમનાથી ઊતરતી કોટિના જીવો વિકારી છે—એમનામાં થોડે ઘણે અંશે પણ વિકાર છે. કંઈ નહિ તો એમનામાં લોભની વૃત્તિ ખૂણેખાંચરે પણ અલ્પ પ્રમાણમાંયે વિદ્યમાન છે. બીજા જીવો તો એથી પણ નીચલી હદે છે. તેમનામાં તો લોભ સિવાયના વિકારો—ક્રોધ, માન, માયા કે એ બધાયે છે. આ ક્રોધાદિ—વિકારોને જૈન દર્શન 'કષાય' કહે છે:

**યોગનો અર્થ**—સંસારી જીવને દેહ છે. એ દેહ જ્યાં સુધી છે—એ પાંજરામાંથી આત્મા મુક્ત થયો નથી ત્યાં સુધી એને હાથે કાયિક, વાચિક અને માનસિક પ્રવૃત્તિઓ થયા કરે છે. જેઓ 'જીવન્મુક્ત' છે તેમને પણ એમના જીવન-મર્યાદાની લગભગ પૂર્ણાહુતિ પર્યંત આ પ્રવૃત્તિઓ હોય છે. એઓ 'પર-મુક્ત' બને પછી એમને પુદ્ગલને અવલંબીને કોઈ પ્રવૃત્તિ કરવાની રહેતી નથી તેમ હોતી પણ નથી. આત્મ-રમણતાનો અપૂર્વ આનંદ સ્વાવલંબી જ હોય. એને વળી કોઈ પણ કારણસર પુદ્ગલને લેવાનું કે મૂકવાનું હોય ખરું? એ 'પર-મુક્ત' આત્માઓ તો સર્વથા 'અયોગી' છે, કેમકે એઓ કાયિકાદિ પ્રવૃત્તિઓથી પર છે અને આ કાયિકાદિ પ્રવૃત્તિઓને જૈન દર્શન 'યોગ' કહે છે. જૈનોના સર્વજ્ઞ દેવો—ખુદ તીર્થંકરો પણ નિર્વાણ પામવાની તૈયારીમાં હોય ત્યારે જ 'સયોગી' મટી 'અયોગી'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને છે. આવી પરિસ્થિતિમાં આપણા જેવા સામાન્ય મનુષ્યો અને એથી ઊતરતી કોટિના ગણાતા પશુ-પંખીઓ—તિર્યંચો 'યોગ' થી સદા મુક્ત જ હોય એમાં શી નવાઈ ?

**બંધનું કારણ**—સંસારી જીવ વિકારી તેમજ અવિકારી એમ બે પ્રકારના છે. વિકારી જીવો યોગથી મુક્ત છે. એટલું જ નહિ પણ એઓ કષાયથી પણ મુક્ત છે જ. સંસારીના આત્મા સુધી કાર્મણ-વર્ગણાને લાવવામાં 'યોગ'[1] કારણરૂપ છે. અર્થાત્ એની કાયિક, વાચિક અને માનસિક પ્રવૃત્તિઓને— ક્રિયાઓને લઈને કાર્મણ-વર્ગણાનું આગમન થાય છે. આ વર્ગણાને આત્મા સાથે જોડવાનું કાર્ય કષાય કરી શકે તેમ છે, અને એ એ કાર્ય સતતપણે કરે પણ છે : આ જોડાણને જૈન દર્શન 'બંધ' કહે છે. એ બંધ કષાય ન હોય તો શક્ય નથી, આ વાત આપણે એક ઉદાહરણ દ્વારા વિચારીશું.

**ઉદાહરણ દ્વારા નિરૂપણ**—ધારો કે રસ્તા પર ધૂળ પડેલી છે, અને પવન ફૂંકાય છે એટલે એ ધૂળ આમ તેમ ઊડવા માંડે છે. રસ્તાની બાજુનાં મકાનની ભીંત સાથે એ અથડાય છે. આ ભીંત પર કોઈ જાતની ચીકાશ ન હોય તો ધૂળને ત્યાં ચોંટી રહેવાનું બને નહિ તો એ ત્યાં જરૂર ચોંટી જાય, અને ભીંતને એના રંગે રંગે.

દેહધારીઓનો આત્મા એ ભીંત છે, યોગ એ વાયુ છે, કષાય એ ચીકાશ ઉત્પન્ન કરનારો—ચીકણો પદાર્થ છે; અને કાર્મણ-વર્ગણા એ ધૂળ છે—એની રજકણો છે. જો જીવ કષાયથી રહિત હોય તો કાર્મણ-વર્ગણારૂપ ધૂળ, યોગરૂપ વાયુ દ્વારા ઉડાવાયા છતાં એ આત્મારૂપ ભીંત સાથે ચોંટી શકે નહિ—એનો બંધ ન થાય;[2] પરંતુ જો ઓછેવત્તે અંશે પણ કષાય જેવો ચીકણો પદાર્થ આત્મારૂપ ભીંતને વળગેલો હોય તો યોગરૂપ વાયુ-દ્વારા ઉડાવાયેથી કાર્મણ-વર્ગણારૂપ ધૂળ એને જરૂર ચોંટી જાય અને એને મલિન બનાવે.

ધૂળનું ઓછાવત્તા પ્રમાણમાં ઊડવું, વાયુના વેગ ઉપર આધાર રાખે છે, વાયુ ધીરે ધીરે વાતો હોય તો એ ઓછી ઊડે. એવી રીતે ભીંત પર ચીકાસ ઓછી હોય તો ધૂળ થોડો વખત ચોંટેલી રહે.

**દ્રવ્ય-કર્મ ને ભાવ-કર્મ**—જે કાર્મણ-વર્ગણા યોગ દ્વારા આવી, કષાયને લઈને આત્મા સાથે ઓતપ્રોત બને છે એને જૈન દર્શન 'દ્રવ્ય-કર્મ' કહે છે અને એ બનવામાં કારણરૂપ કષાયને 'ભાવ-કર્મ' કહે છે.

**નૈયાયિકાદિનાં મંતવ્યો**—પ્રત્યેક શુભ કે અશુભ પ્રવૃત્તિ સામાન્ય રીતે એની પાછળ એના સંસ્કારને મૂકતી જાય છે. આ સંસ્કારને [3] નૈયાયિકો અને [4] વૈશેષિકો 'ધર્મ' અને 'અધર્મ' કહે છે, યોગદર્શન (૨-૧૨) એને 'કર્માશય' કહે છે અને [5] બૌદ્ધ દર્શન એને 'અનુશય' કહે છે. કર્માશયના સંચયમાં આધારરૂપ અને ક્લેશરૂપ કારણવાળી વૃત્તિ 'ક્લિષ્ટ' ગણાય છે.

---

૧. આ યોગના કારણ રૂપ આત્મિક શક્તિ-ઉત્સાહ પણ 'યોગ' કહેવાય છે.

૨. 'ઈર્યાપથિક' કર્મની સ્થિતિ બે સમય જેટલી છે. એ પછી તો એ ખરી પડે છે. ઈર્યાપથિક-કર્મ સિવાયનાં કર્મને 'સાંપરાયિક-કર્મ' કહે છે.

૩. જુઓ ન્યાય મંજરી ઉત્તર ભાગ, પૃ. ૪૪

૪. પ્રશસ્તપાદની કંદલી ટીકા ( પૃ. ૨૭૨ ઇત્યાદિ. )

૫. જુઓ અભિધર્મકોશ ( ૫-૧ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણે જૈન દર્શનના દ્રવ્ય-કર્મને યોગ-દર્શનની 'વૃત્તિ' અને ન્યાય-દર્શનની 'પ્રવૃત્તિ' સાથે સરખાવી શકીએ, એવી રીતે જૈન દર્શનના ભાવ-કર્મને ઇતર દર્શનોના 'સંસ્કાર' સાથે સરખાવાય.

અહીં એ ધ્યાનમાં રાખવું ઘટે કે 'કર્મ' એ જૈન દર્શનના માટે કેવળ સંસ્કાર નથી, પણ એક મૂર્ત પદાર્થ છે.

**ઓતપ્રોતતા**—દૂધમાં જેમ પાણી રેડાતાં એ પાણી દૂધની સાથે કે પાણીમાં રંગની ભૂકી નાંખતાં એ ભૂકી પાણી સાથે કે અગ્નિમાં તપાવાયેલા લોખંડના ગોળામાં અગ્નિ એ લોખંડ સાથે ઓતપ્રોત બની જાય છે તેમ એ કર્મ આત્માના પ્રાયઃ એકે એક ભાગ સાથે ઓતપ્રોત થઈ જાય છે—આત્માના જે અસંખ્યેય અંશો—પ્રદેશો છે તેમાંના આઠ સર્વથા અલિપ્ત રહે છે.

**આત્માની મૂર્તતા**—જૈન દૃષ્ટિએ અનાદિ કાળથી આત્મા એના કષાયોને લઈને કર્મ બાંધતો આવ્યો છે અને એક કર્મ જાય અને બીજું આવે એ રીતે એની સાથે કર્મનો સંબંધ પ્રવાહરૂપે ચાલુ રહ્યો છે. આને લઈને મૂર્ત સ્વરૂપે અમૂર્ત—અરૂપી આત્મા મૂર્ત છે. એ આમ મૂર્તામૂર્ત છે, આને લઈને એનો મૂર્ત કર્મ સાથે બંધ થઈ શકે છે. સંપૂર્ણ-તથા અમૂર્ત એવા સિદ્ધના—મુક્તના આત્મા સાથે બંધ, અરે! કોઈ પણ જાતનો સંબંધ નહિ થવાનું કારણ એની સર્વાંશે અમૂર્તતા છે.

**જીવની પ્રાથમિક દશા**—પહેલાં જીવ સર્વથા શુદ્ધ હતો અને કાલાંતરે એ કર્મરૂપ લેપથી લેપાયો—અશુદ્ધ બન્યો એ માન્યતા યુક્તિ-સંગત નથી અને જૈન દર્શન એને સ્વીકારતુંયે નથી. આ માન્યતા સ્વીકારાય તો પછી ઉદ્યમ કરવાનો શો અર્થ; જો કરેલું કારવેલું ધૂળમાં મળે તેમ હોય તો એ માટે કયો સુજ્ઞજન પ્રયત્ન કરે?

**બંધના ૪ પ્રકારો**—કાર્મણ-વર્ગણાઓ આત્માની સાથે જોડાતાં એને 'કર્મ' તરીકે ઓળખાવાય છે. એનો આત્મા સાથે બંધ થાય તે સમયે સમકાળે એમાં ચાર અંશોનું નિર્માણ થાય છે. એ અંશો તે બંધના ચાર પ્રકારો છે.

કોઈ ગાય કે બકરી ઘાસ ખાય અને એ ઘાસ દૂધરૂપે પરિણમે તે જ વેળા એમાં (૧) એની મીઠાશ જેવો સ્વભાવ બંધાય છે, (૨) સ્વભાવ એનો ક્યાં સુધી ટકી શકશે તે કાળ-મર્યાદા પણ નક્કી થાય છે, (૩) એ મીઠાશની તીવ્રતા કે મંદતા જેવી વિશેષતા પણ એ સમયે જ નિર્માય છે, અને (૪) એ દૂધનું પૌદ્ગલિક પરિણામ-એમાં કેટલા પરમાણુઓ છે તે વાત પણ સાથે સાથે જ નિર્માય છે.

એવી રીતે યોગને લઈને આવેલી કાર્મણ-વર્ગણા કષાયને લીધે આત્મા સાથે જોડાય અને કર્મરૂપે પરિણમે તે જ સમયે એમાં (૧) પ્રકૃતિ યાને સ્વભાવ, (૨) સ્થિતિ યાને કાલ-મર્યાદા, (૩) અનુભાવ યાને વિપાક એટલે કે ફલાનુભવ કરાવનારી વિશિષ્ટતા-વિવિધ પ્રકારનાં ફળ આપવાની શક્તિ તેમજ (૪) એના સ્કંધ-દલિકોની-પરમાણુઓની સંખ્યા નિયત બને છે.

**યોગ અને કષાયનાં કાર્ય**—પ્રકૃતિ-બંધ અને પ્રદેશ-બંધ યોગથી થાય છે, જ્યારે સ્થિતિ-બંધ અને અનુભાવ-બંધ કષાયથી થાય છે. અન્ય શબ્દોમાં કહું તો કર્મના-સ્વભા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વના ઘડતરમાં અને એની સંખ્યાના પરિમાણમાં યોગનો હાથ છે, જ્યારે એ કર્મ આત્મા સાથે ઓછો કે વધારે વખત એકરસ રૂપે રહી શકે તેનું તેમજ એની તીવ્ર કે મંદ ફળ આપવાની શક્તિનું એમ બેનું નિર્માણ કષાયને હસ્તક છે.

**બંધનો પ્રદેશ**—આત્મા જેટલા ક્ષેત્રને-આકાશના જેટલા પ્રદેશોને વ્યાપીને રહ્યો હોય તેટલામાં જ-જીવ પ્રદેશના ક્ષેત્રમાં જ રહેલી કાર્મણ-વર્ગણાનો બંધ થાય છે. વળી એ વર્ગણા જો સ્થિર હોય તો જ બંધ થાય; ગતિવાળી વર્ગણા કામ ન લાગે. આ કાર્મણ-વર્ગણાઓનું ગ્રહણ આત્માના હરકોઇ દિશામાં રહેલા-ઊંચે, નીચે અને તીરછે એમ બધી દિશામાં રહેલા પ્રદેશો વડે થાય છે.[1]

**પ્રકૃતિઓનું વર્ગીકરણ**—આત્મપ્રદેશો સાથે કાર્મણ-વર્ગણા બંધાતાં એમાં અનેક પ્રકૃતિઓનું નિર્માણ થાય છે. આ વિવિધતા આત્માના પરિણામની વિવિધતાને આભારી છે. આમ જો કે એ પ્રકૃતિઓ-[2]સ્વભાવો અસંખ્ય છે તેમ છતાં સંક્ષેપમાં એના આઠ પ્રકાર ગણાવાય છે. એ આઠને 'મૂળ પ્રકૃતિ બંધ' કહે છે. પ્રકૃતિ-બંધને બદલે 'પ્રકૃતિ' એવો શબ્દ પણ વપરાય છે, અને સામાન્ય રીતે એને જ 'કર્મ' કહેવામાં આવે છે.

**મૂળ પ્રકૃતિઓ**—મૂળ પ્રકૃતિઓ યાને કર્મો આઠ છે: (૧) જ્ઞાનાવરણ, (૨) દર્શનાવરણ, (૩) વેદનીય, (૪) મોહનીય, (૫) આયુષ્ક, (૬) નામ, (૭) ગોત્ર અને (૮) અંતરાય.

જ્ઞાનાવરણ કર્મ આત્માના જ્ઞાનરૂપ મૌલિક ગુણનું ઘાતક છે.

દર્શનાવરણ આત્માના દર્શનને-એના સામાન્ય બોધને આવરી લે છે-એને પ્રકટ થવા દેતું નથી. વળી એ જાત જાતની નિદ્રાનું કારણ છે.

વેદનીય કર્મ સુખ કે દુઃખનો અનુભવ કરાવે છે.

મોહનીય કર્મ આત્માને મોહ પમાડે છે.

આયુષ્ક-કર્મ જીવને એના જન્મ સમયે પ્રાપ્ત થયેલા દેહમાં રોકી રાખે છે. આ કર્મની તે ભવ પૂરતી પૂર્ણાહુતિને 'મૃત્યુ' કહે છે.

નામ-કર્મ શરીર, એનાં અવયવો, એનો ઘાટ નક્કી કરે છે તેમજ જીવની અમુક ગતિ, જાતિ વગેરેની પ્રાપ્તિમાં કારણરૂપ છે.

ગોત્ર-કર્મને લઇને જીવનું કુળ ઊંચું કે નીચું ગણાય છે.

અંતરાય-કર્મ ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિમાં એટલે કે દાન દેવામાં, લાભ લેવામાં, પરાક્રમ કરવામાં તેમજ ભોગ અને ઉપભોગ ભોગવવામાં વિઘ્ન ઊભું કરે છે.

**ઉત્તર-પ્રકૃતિઓ**—આ આઠે મૂળ પ્રકૃતિઓના ઓછાવત્તા ભેદો છે. એને 'ઉત્તર-પ્રકૃતિ' કહે છે. જ્ઞાનાવરણ જ્ઞાનના કેવલજ્ઞાન વગેરે પાંચ પ્રકારો સાથે સંબંધ ધરાવે છે. એ દૃષ્ટિએ એના પાંચ ભેદો ગણાવાય છે. મોહનીય-કર્મના મુખ્ય બે ભેદો છે: (૧) દર્શન-મોહનીય અને (૨) ચારિત્ર-મોહનીય. દર્શન-મોહનીયને લઇને જીવને કાં તો સાચી શ્રદ્ધાનો

---

૧ આત્માના અસંખ્ય પ્રદેશોમાંથી, સદા નિર્લેપ રહેનારા આઠ પ્રદેશોની વાત જુદી છે.

૨ આ સ્વભાવો આપણે જોઇ શકતા નથી, પણ એની જે અસર થાય છે-એ જે કાર્ય કરે છે તે ઉપરથી આપણે એ જાણી અને ગણી શકીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર્વથા અભાવ રહે છે એટલે કે એને વિપરીત શ્રદ્ધા થાય છે કે કાં તો એની શ્રદ્ધા અડધી-પડધી સાચી હોય છે કે કાં તો એની શ્રદ્ધા કંઇક અંશે મલિન હોય છે–એ સર્વથા નિર્મળ નથી હોતી. ચારિત્ર મોહનીય કર્મ આત્માને સન્માર્ગે ચાલતાં રોકે છે. એના ક્રોધ, માન, માયા અને લોભ એ મુખ્ય પ્રકારો છે, જ્યારે ભય, શોક, વેદ યાને કામાતુરતા, હાસ્ય, ઘૃણા (સગ) ઇત્યાદિ એના ઉપપ્રકારો છે. અંતરાય–કર્મના દાનાંતરાય ઇત્યાદિ પાંચ ઉપ-પ્રકારો છે.

**ઘાતિ–કર્મ**—આત્માની ખરાબી કરવામાં મોહનીય–કર્મ અગ્રેસર છે. એ કર્મ તેમજ જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય આત્માના મૌલિક ગુણોના ઘાતક છે એટલે એને 'ઘાતિ–કર્મ' કહે છે. બાકીનાં ચાર કર્મો 'અઘાતિ–કર્મ' કહેવાય છે.

**પુણ્ય અને પાપ**—ઘાતિ–કર્મો તો અશુભ છે જ; અઘાતિ–કર્મોમાંથી કેટલાંક શુભ છે તો કેટલાંક અશુભ છે. શુભ કર્મો તે 'પુણ્ય' અને અશુભ કર્મો તે 'પાપ' એમ જૈન દર્શનનું કહેવું છે. કેટલાક દર્શનકારો આને 'કુશળ' અને 'અકુશળ' અથવા 'શુકલ' 'કૃષ્ણ' જેવાં નામો વડે ઓળખાવે છે. **ભગવદ્ગીતા** (અ૦ ૧૯)માં સાત્ત્વિક, રાજસ અને તામસ એમ કર્મના ત્રણ ભેદ દર્શાવાયા છે.

[ અપૂર્ણ ]

[ અનુસંધાન પૃષ્ઠ : ૧૦૬ થી ચાલુ ]

પ્રસંગે પ્રસંગે વિદ્યાધર વાનમંતર કુમારનું બૂરું કરવાના સતત પ્રયત્નો કર્યા કરે છે. સતત વધતા પુણ્યોદયને ભોગવતો કુમાર રાજા થાય છે ને પૃથ્વીનું ન્યાયપુરસ્સર પરિપાલન કરીને સંયમ સ્વીકારે છે. છેવટે પણ વાનમંતર ઉપસર્ગ કરે છે ને નરકાયુ બાંધીને અતિ રૌદ્રધ્યાને મરીને મહાતમા નામે સાતમી નારકીમાં ૩૩ સાગરના આયુષ્યવાળો નારક થાય છે.

શુભ ધ્યાન કરી આયુષ્ય સમાપ્ત કરીને મુનિવ ગુણચંદ્ર સાર્થસિદ્ધ વિમાનમાં ૩૩ સાગરોપમ આયુઃવાળા દેવ થાય છે.

આ વિભાગમાં પ્રહેલિકા આદિ કૂટકાવ્યની રચના રસમય અને આકર્ષક છે. વચમાં થોડો સમય શૃંગારરસે જાણે પોતાનું સામ્રાજ્ય જમાવ્યું હોય એમ લાગે છે.

આચાર્ય વિજયધર્મનું કથાનક ગાથાબદ્ધ પ્રવાહમાં ગુંથાયું છે. સાધ્વીજીની કથા પણ ભાવવાહી છે. તે તે કથાઓની ખૂબી એવી છે કે જ્યારે તેનું વાચન ચાલતું હોય ત્યારે વાચક તન્મય બનીને રસાસ્વાદ માણતો હોય એવો અનુભવ થાય છે. તેને વાચક ભિન્ન છે એવી વૃત્તિનું વિસ્મરણ થઈ જાય છે. કાવ્યની ખરી ખૂબી પણ તેમાં જ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ अनुसंधान पृष्ठ : १०८ से आगे ]

"मुनि हाथी कर नांव, अंधन टोवा धायके ।
जो देखा जेहिं ठांव, मोहमद सो तैसे ही कहा । "

विश्वका धार्मिक साहित्य इस बहुमूल्य दृष्टान्तके लिये अपने मूलरूपमें बौद्धसाहित्यका ही ऋणी है इसमें बिल्कुल भी संदेह नहीं ।

ऐसे अनेक दृष्टान्त लोकसाहित्यकी मूल सम्पत्ति हैं। जिन्हें सभी धर्मवालोंने माताके दूधकी भाँति समानरूपसे उपयोगी समझते हुए अपनाया है। अमृतबिन्दुवाला दृष्टान्त महाभारतमें भी आया है और जैन ग्रंथोंमें भी । ऐसे दृष्टान्तोंके संग्रहके द्वारा हम विश्वमैत्री, सर्वधर्म समभाव, सर्वजन प्रेमके महान उदेश्यों तक सहजमें ही पहुंच सकते हैं । अतः हमें इनके संग्रह, तुलनात्मक अध्ययन, और गुणग्रहणकी दृष्टिसे सत्यके विविध लिखे हुए रूपोंको अपनानेमें सर्वाधिक कटिबद्ध और प्रयत्नशील रहना चाहिये ।

★

[ अनुसंधान पृष्ठः ११२ से आगे ]

तपागच्छके आचार्य श्रीविजयदानसूरिके शिष्य पंडित श्रीपति, ऋषि चांपा, ऋषि कुलधर, ऋषि तेजविमल, ऋषि सिवा और ऋषि रंगा सहित ६ ठाणोंसे यात्रा करके आये, उनका जो गुण-वर्णन करता है, वाणी सुनता है सो धन्य है ।

जेसलमेरके पार्श्वनाथ, संभवनाथ, शांतिनाथ, अष्टापद, कुंथुनाथ, चन्द्रप्रभ (तीन चौमुख), आदीश्वर और वर्द्धमान स्वामीके २-२ चैत्य और चोवीस तीर्थंकरोंको नमस्कार कर संघके सानिध्यसे और पार्श्वनाथ प्रभुके प्रसादसे "भयख"ने करबद्ध होकर यह चैत्यप्रवाड़ी रची ।



## નવી મદદ

૨૦ ) પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી શેઠ વર્ધમાન કલ્યાણજીની પેઢી, ભદ્રેશ્વર તીર્થ ( કચ્છ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No. B. 3801 श्री जैन सत्य प्रकाश

# શ્રી જૈન સત્ય પ્રકાશ

## અંગે સૂચના

### યોજના

૧. શ્રી જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૭ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને માસિક કાયમને માટે મોકલવામાં આવે છે

### વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

### ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય

૫ ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

### લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ. શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only